RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 248, Dt.08-12-2023 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોંઘવારી વધવાની આશંકાથી RBIએ પાંચમી વખત વ્યાજદર યથાવત રાખ્યો



## રેપોરેટ ૬.૫ ટકા યથાવત રહ્યો, મોનિટરી પોલીસીની બેઠકમાં સર્વાનુમતે લેવાયો નિર્ણયઃ ખાદ્ય પદાર્થો, શાકભાજી અને ફળોમાં મોંઘવારીથી છુટક ફુગાવાનો દર વધવાની સંભાવના

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દેશમાં ફુગાવાની ચિંતા યથાવત રહેતા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ સતત પાંચમી દ્વિમાસિક મોનીટરી પોલીસી બેઠકમાં રેપોરેટ ૬.૫ ટકા યથાવત રાખવા નિર્ણય લીધો છે. બે દિવસ પહેલા શરૂ થયેલી બેઠકના અંતે આજે આરબીઆઇના ગવર્નર શકિતકાંતા દાસે સંબોધન કરતા જણાવ્યું કે આરબીઆઇનો હાલનો ટાર્ગેટ ખાદ્ય મોંઘવારીને આગળ વધવા ન દેવાનો છે અને તેથી જ જીડીપી ગ્રોથમાં સંતોષકારક સ્થિતિ હોવાને સાથે રેપોરેટ ૬.૫ ટકા યથાવત રાખવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો છે.

આરબીઆઇના પગલાથી હાલમાં બેંકોના વ્યાજદરમાં કોઇ તાત્કાલીન વધારો થશે નહીં પરંતુ સુત્રોના જણાવ્યા મુજબ બેંકો દ્વારા હાલમાં જ અલગ અલગ ધિરાણ માટેના વ્યાજદરમાં થોડો વધારો કરાયો છે અને તેથી આજના નિર્ણયની બેંકો પર કોઇ મોટી અસર થવાની શકયતા નથી. શકિતકાંતા દાસે જણાવ્યું ફુગાવાનો દર ૪ ટકાની આસપાસ રાખવાની આરબીઆઇની જે નીતિ છે તેને આગળ વધારતા તેને જાળવી રાખીને આરબીઆઇ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

સરકાર અને રિઝર્વ બેંક માટે ખાદ્ય મોંઘવારી હજુ પણ એક મોટો પડકાર છે. એક સર્વેમાં જણાવ્યા મુજબ ખાદ્ય પદાર્થોમાં ઉંચી કિંમતના પગલે ચાલુ માસમાં રીટેલ ફુગાવામાં વધારો થવાની શકયતા છે. અને તે આરબીઆઇ કમ્ફર્ટ લેવલથી પણ વધી શકે છે.

આરબીઆઇના ગવર્નર દ્વારા કરાયેલી જાહેરાતના પગલે હવે બેંકોના વલણ ઉપર નજર રખાઇ રહી છે. દાસે જણાવ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે વિકાસ દર ૭ ટકા સુધી જઇ શકે છે. આરબીઆઇ આ સાથે તેનું ૬.૫ ટકાનું અનુમાન વધાર્યુ છે. તેઓએએ પણ જણાવ્યું કે ઘરેલું તેમજ આર્થિક ગતિવિધિઓ હાલ સામાન્યથી વધુ સંતોષકારક છે. રીઝર્વ બેંકે બેંકોને સલાહ આપી હતી કે તેઓએ લીકવીડીટીમાં સખ્તાઇ જાળવી રાખવી પડશે. રીઝર્વ બેંકના ગર્વનર શકિતકાંતા દાસે મહત્વના વિધાનમાં જણાવ્યું કે વૈશ્વિક અર્થતંત્રમાં મંદીના સંકેત છે. ભારતીય અર્થતંત્ર તેની ગતિ જાળવવામાં સફળ રહ્યું છે. આગામી સમયમાં વૈશ્વિક પરિસ્થિતિની અસર ભારત પર થઇ શકે છે. શકિતકાંતા દાસના આ વિધાનો મહત્વના છે.

તેઓએ એ પણ જણાવ્યું કે, ફુગાવો ૫.૪ ટકાની આસપાસ રહી શકે છે અને અમારો લક્ષ્યાંક ૪ ટકાનો છે. તેઓએ જણાવ્યું કે શહેરી માંગ વધી રહી છે અને તેના કારણે ગ્રામીણ ક્ષેત્રમાં ફાયદો થઇ રહ્યો છે. ખાદ્ય ફુગાવાને કારણે આરબીઆઇ તેની વર્તમાન સ્થિતિને જાળવી રાખવા માટે મકકમ છે.

આરબીઆઈ પાસે રેપોરેટના રૂપમાં ફુગાવા સામે લડવા માટે એક શક્તિશાળી ટૂલ છે. જ્યારે ફુગાવો ઘણો વધુ હોય છે, ત્યારે RBI રેપોરેટ વધારીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે. જો રેપોરેટ ઊંચો રહેશે તો બેંકોને RBI પાસેથી જે લોન મળશે તે મોંઘી થશે. બદલામાં, બેંકો તેમના ગ્રાહકો માટે લોન મોંઘી બનાવે છે. આ અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડે છે. જો નાણાંનો પ્રવાહ ઘટે તો માંગ ઘટે અને ફુગાવો ઘટે. એ જ રીતે, જ્યારે અર્થવ્યવસ્થા ખરાબ તબક્કામાંથી પસાર થાય છે, ત્યારે રિકવરી માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર છે. આવી સ્થિતિમાં છઇઈ રેપોરેટમાં ઘટાડો કરે છે.

# રાજ્યોની ચૂંટણીમાં ખરાબ દેખાવ બાદ ઈન્ડિયા ગઠબંધનનું ભવિષ્ય અધ્ધરતાલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રેવંત રેડ્ડી તેલંગાણાના નવા મુખ્યમંત્રી બન્યા છે. તેમની સાથે ડેપ્યુટી સીએમ સહિત ૧૧ ધારાસભ્યોએ રાજ્યની કોંગ્રેસ સરકારમાં મંત્રી તરીકે શપથ લીધા. પરંતુ ભારતીય ગઠબંધનમાં કોંગ્રેસના સાથી પક્ષોના નેતાઓએ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી ન હતી. છ મહિના પહેલા, ૨૦ મેના રોજ, કર્ણાટકમાં સિદ્ધારમૈયાના શપથ ગ્રહણ સમારોહમાં ભારત ગઠબંધનના નવ વિરોધ પક્ષોના નેતાઓ હાજર હતા. પરંતુ ગુરુવારે તેલંગાણામાં વિપક્ષી ગઠબંધનના નેતાઓ ગાયબ હતા. તેનાથી પ્રશ્ન થાય છે કે વિપક્ષી એકતાનો સંઘ કાશીએ પહોંચશે કે નહિ. ગઠબંધનની બેઠકો મુલત્વી રહેવા લાગી છે એટલું જ નહિ કન્વીનર અંગે પણ નેતાઓ મૌન છે.



કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના શપથ ગ્રહણ સમારોહમાં શરદ પવાર, નીતિશ કુમાર, એમકે સ્ટાલિન, તેજસ્વી યાદવ, સીતારામ યેચુરી, ડી રાજા, કમલ હાસન, ફારૂક અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તી સહિત ભારત ગઠબંધનના ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. મે. આ વખતે આ નેતા હાજર રહ્યા ન હતા.રેવંત રેડ્ડી તેલંગાણાના નવા મુખ્યમંત્રી બન્યા છે. રાજ્યપાલે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. રેવંત રેડ્ડી સાથે અન્ય ૧૧ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. હૈદરાબાદના લાલ બહાદુર શાષી સ્ટેડિયમમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના ઘણા વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી હતી, પરંતુ ડેરેક ઓબ્રાયન સિવાય, ભારત ગઠબંધનના બીજા પંક્તિના નેતાઓ પણ ગેરહાજર રહ્યા હતા.

હવે સવાલ એ છે કે આ છ મહિનામાં એવું શું થયું કે કોંગ્રેસ ચાર રાજ્યોના પરિણામોની રાહ જોતી રહી. તેના કારણે, રેલીઓ અને સભાઓ રદ કરવામાં આવી હતી, બેઠકોની વહેંચણી અંગે જોડાણ પક્ષો વચ્ચે અંતિમ સંમતિ થઈ શકી ન હતી. રાજ્યના પરિણામો બાદ મહાગઠબંધનના નેતાત્વને લઈને પ્રશ્ન ફરી સામે આવ્યો છે.


# શેરબજારમાં નિફટી ૨૧૦૦૦ને પારઃ નવો ઈતિહાસ રચાયો

## રિઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખતાં ફુલ ગુલાબી તેજીઃ સેન્સેકસ ૩૦૭ પોઈન્ટ ઉંચકાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શેરબજારમાં તેજીનો નવો દોર શરૂ થયો હોય તેમ ઓલરાઉન્ડ લેવાલી વચ્ચે સેન્સેકસ નિફટીએ આજે વધુ એક વખત નવી ઉંચાઈ સર્જી હતી. નીફટી ઈતિહાસમાં પ્રથમ વખત ૨૧૦૦૦ ને પાર થઈ ગયો હતો. રીઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખતા સારી અસર થઈ હતી.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને જ થઈ હતી. રીઝર્વ બેન્કની ધીરાણ નીતીની સમીક્ષા પર નજર હતી. રીઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખતા સારી અસર હતી. મોંઘવારીનું ખાસ જોખમ ન હોવાનું મનાતું હતું. અર્થતંત્ર તથા વિકાસદર વિશે ફુલગુલાબી ચિત્ર યથાવત હોવાને કારણે માનસ પ્રોત્સાહક બની રહ્યું હતું.



જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે રાજકીય, આર્થિક સહીતનાં પરિબળો સાનુકુળ હોવાના કારણોસર માર્કેટ વચ્ચે તેજીમાં છે કોઈ ગંભીર નેગેટીવ કારણ વિના કોઈ વિપરીત અસર થાય તેમ નથી.

શેરબજારમાં આજે પસંદગીના ધોરણે ધુમ ઓલરાઉન્ડ લેવાલી વચ્ચે મોટાભાગનાં શેરો ઉંચકાયા હતા. જેએસડબલ્યુ સ્ટીલ, એચસીએલ ટેકનો, ટાટા પાવર, નેસલે, લાર્સન, ટાટા અદાણી ટોટલ ગેસ, પાવર ટાઈટન, વીપ્રો, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ વગેરે ઉછળ્યા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૦૭ પોઈન્ટના ઉછાળાથી ૬૯૮૨૮ રહ્યો હતો તે ઉંચામાં ૬૯૮૮૮ તથા નીચામાં ૬૯૬૦૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૨૧૦૦૦ ના સ્તરે કુદાવીને ઐતિહાસીક સપાટીએ પહોંચ્યો હતો.

૯૨ પોઈન્ટના ઉછાળાથી ૨૦૯૯૩ રહ્યો હતો જે ઉંચામાં ૨૧૦૦૦ તથા નીચામાં ૨૦૯૩૨ હતો. સેકન્ડરી માર્કેટની જેમ પ્રાયમરી માર્કેટ પણ ધમધોકાર હોય તેમ એસએમઈ કંપની નેટ એવન્યુનુ લીસ્ટીંગ થયુ હતું. ૧.૪૪ લાખના રોકાણ સામે ઈન્વેસ્ટરોને ૧.૯૦ લાખનો ડબલ કરતા પણ વધુ નફો થયો હતો.

# અમદાવાદમાં દરોડાની કાર્યવાહી દરમિયાન વકીલને બળજબરીપૂર્વક ઉઠાવી જવાની કાર્યવાહી સામે ગુજરાત હાઈકોર્ટે ૮ અધિકારીઓને ફટકારી નોટીસ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં દરોડા કાર્યવાહી દરમ્યાન વકીલની ઓફીસમાં ત્રાટકીને દસ્તાવેજો જપ્ત કરવા તથા બળજબરીપૂર્વક વકીલને સાથે લઈ જવાની કાર્યવાહી સામે ગુજરાત હાઈકોર્ટે આવકવેરા અધિકારીઓનો ઉધડો લીધો હતો અને આઠ અધિકારીઓને નોટીસ પાઠવી છે.

આવકવેરાના ઈન્વેસ્ટીગેશન વિંગના ડાયરેકટર જનરલ અરવિંતસિંઘ સરનેમ સહીત આઠ અધિકારીઓને નોટીસ આપવામાં આવી છે. આવકવેરા કાયદા હેઠળ અધિકારોનો અત્યાચારી ઉપયોગ કરવા બદલ કૃત્ય આચરનારા અધિકારીઓ સામે પગલા કેમ ન લેવા તેવુ શોકોઝ નોટીસ દર્શાવ્યુ છે.

અમદાવાદમાં દરોડા કાર્યવાહી દરમ્યાન આવકવેરા અધિકારીઓએ દસ્તાવેજ કબ્જે લેવા માટે એડવોકેટ મૌલીક શેઠની ઓફીસમાં દરોડો પાડયો હતો. વકીલને બળજબરીપૂર્વક લઈ જવાયા હતા. આ મામલે તેઓએ હાઈકોર્ટમાં પીટીશન કરી હતી તેની સુનાવણીમાં જસ્ટીસ ભાર્ગવ કારીયા તથા જસ્ટીસ નિરલ મહેતાની બેંચે આવકવેરા વિભાગના વકીલને પણ એમ કહ્યું કે, કાલે ખુદ તેઓ પણ સુરક્ષીત નહીં રહી શકે?.



આવકવેરા અધિકારીઓ શું પોલીસ અધિકારી છે? વકીલને લાગતુ વળગતુ ન હોય તેવા દસ્તાવેજો તેની પાસેથી કેવી રીતે કબ્જે કરી શકે? વકીલ પાસે કલાયન્ટના ખાનગી દસ્તાવેજો હોય છે.તેને અડકી પણ કેમ શકે? કંઈ જોગવાઈ હેઠળ તેઓએ અધિકારોને ઉપયોગ કર્યો તે જણાવો. અત્યાચાર આચરવા જેવુ કૃત્ય વકીલ પર આચર્યું છે.

હાઈકોર્ટે એવી આકરી ટકોર કરી હતી કે આવા પ્રકારનાં કૃત્યથી કોઈપણ પ્રોફેશ્નલ વ્યવસાયીક સુરક્ષીત ન રહી શકે. આફરે ૧૯૭૫-૭૬ માં નથી જીવતા જયારે તેમ ગમે ત્યાં જઈને ગમે તેમ ફરી શકતા હતા. આ કોઈ ઈમરજન્સીની સ્થિતિ નથી. આવકવેરા અધિકારીઓ શું પોલીસ અધિકારી છે? વકીલને લાગતુ વળગતુ ન હોય તેવા દસ્તાવેજો તેની પાસેથી કેવી રીતે કબ્જે કરી શકે? વકીલ પાસે કલાયન્ટના ખાનગી દસ્તાવેજો હોય છે.તેને અડકી પણ કેમ શકે? કંઈ જોગવાઈ હેઠળ તેઓએ અધિકારોને ઉપયોગ કર્યો તે જણાવો. અત્યાચાર આચરવા જેવુ કૃત્ય વકીલ પર આચર્યું છે.

હાઈકોર્ટે એવી આકરી ટકોર કરી હતી કે આવા પ્રકારનાં કૃત્યથી કોઈપણ પ્રોફેશ્નલ વ્યવસાયીક સુરક્ષીત ન રહી શકે. આફરે ૧૯૭૫-૭૬ માં નથી જીવતા જયારે તેમ ગમે ત્યાં જઈને ગમે તેમ ફરી શકતા હતા. આ કોઈ ઈમરજન્સીની સ્થિતિ નથી.

હાઈકોર્ટે કહ્યું કે, દરોડા-તપાસ કાર્યવાહી સામે વકીલને કોઈ વાંધો ન હતો પરંતુ જે રીતે કાર્યવાહી કરવામાં આવી તે વાંધાજનક હતી. તમે દસ્તાવેજ પરત સોંપીને જાહેરમાં માફી માંગો તો જ કાર્યવાહીમાંથી બચી શકશો. અન્યથા પરીણામ ભોગવવા પડશે.આ પ્રકારની કાર્યવાહીની છુટ નથી. શોકોઝ નોટીસનો જવાબ આપવા માટે હાઈકોર્ટે ૧૮ મી ડીસેમ્બર સુધીનો સમય આપ્યો છે.વકીલ સામેની કાર્યવાહીમાં રાજકોટ ઈન્કમટેકસના અધિકારી પણ સામેલ હોવાનું કહેવાય છે.

# કર્ણાટક, તામિલનાડુ અને મેઘાલયમાં ૩.૯ની તિવ્રતાના ભૂકંપના આંચકા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કર્ણાટક તાલીમનાડુ અને મેઘાલયમાં ૩.૯ની તિવ્રતાના આંચકા નોંધાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા મુજબ સવારે ૬.૫૨ કલાકે આ ક્ષેત્રમાં ભૂકંપના આંચકા નોંધાયા હતા. જોકે તેના કારણે કોઇ જાનહાની થઇ નથી. કે કોઇ મોટા નુકસાનના ખબર નથી. આ ત્રણ રાજયો ઉપરાંત આજે ગુજરાતમાં પણ કચ્છમાં ભૂકંપનો આંચકો નોંધાયો છે.

કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં ભૂકંપની અસર સૌથી વધુ હતી અને લોકોને વહેલી સવારે ઘર બહાર નીકળવા માટે ફરજ પડી હતી. આ ઉપરાંત તામિલનાડુમાં પણ ચેંગલપટ્ટમાં સવારે ૭.૩૯ કલાકે ૩.૨ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. મેઘાલયમાં પણ ભૂકંપના આંચકાના અહેવાલ છે. સિલોંગ તથા આસપાસના વિસ્તારમાં ૩.૮ની તિવ્રતાનો ભૂકંપન સવારે ૮.૪૫ નોંધાયો હતો



અને તેનું ભૂમિ બિંદુ સિલોંગથી ૧૮ કિ.મી. સાઉથ વેસ્ટ જોવા મળ્યું છે. ત્રણે રાજયોમાં ભૂકંપ અલગ અલગ સમયે નોંધાયો હતો. કર્ણાટકમાં વિજયવાડામાં ૩.૧ તિવ્રતાનો ભૂકંપ સવારે ૬.૫૨ કલાકે નોંધાયો હતો અને તેનું ભૂમિ બિંદુ વિજયવાડા પાસે જમીનની ૧૦ કિ.મી. અંદર હતું. જયારે ૭.૩૯ કલાકે તામિલનાડુના ચેંગલપટ્ટમાં ૩.૨ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો જયારે ઉતર પૂર્વમાં મેઘાલયમાં ૩.૮ તિવ્રતાનો આંચકો સવારે ૮.૪૬ કલાકે નોંધાયો હતો. આ ઉપરાંત કચ્છમાં પણ રાપર પાસે ૪.૨ તિવ્રતાનો આંચકો નોંધાયો હતો.

# શું ભારતમાં પણ વધી રહ્યો છે રહસ્યમય ન્યુમોનિયાનો ખતરો ?, ભારત સરકારે આપી સ્પષ્ટ માહિતી

## ચીનમાં ફેલાઈ રહેલો રોગ ભારતમાં પણ પ્રવેશ્યો હોવાના દાવા અંગે ભારત સરકારે આપ્યો જવાબઃ ભારતમાં પણ માઈકોપ્લાજ્મા ન્યુમોનિયા કેસોનો રિપોર્ટ થયો હોવાનો દાવો ભ્રામક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છેલ્લા એક મહિનાથી નિમોનિયાના કેસોમાં આશ્ચર્યજનક રીતે વધી રહ્યા છે, તો આ રોગને કારણે હોસ્પિટલો પણ ઉભરાઈ રહી છે. માઈકોપ્લાજમા ન્યુમોનિયા નામના રોગની અસર સૌથી વધુ બાળકો પર થઈ રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ હોસ્પિટલોમાં ઈમરજન્સી વિભાગમાં દર્દીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે તેમજ ન્યુમોનિયા અને શ્વાસમાં સંક્રમણની ફરિયાદો કરી રહ્યા છે. અધિકારીઓએ તમામ લોકોને સાવધાન રહેવા તેમજ તકેદારી રાખવાની સલાહ આપી છે.




વિશ્વ આરોગ્ય સંસ્થા ચીનમાં અચાનક વધી રહેલા સંક્રમણ H9N2ના કેસો પર સતત નજર રાખી રહી છે. ડબલ્યુએચઓના અધિકારીઓ ચીનમાં સર્જાયેલી સ્થિતિ પર નજર રાખવા ઉપરાંત સતત માહિતી પણ આપતા રહે છે, ત્યારે અધિકારીઓએ સંક્રમણને વધુ ફેલાતું અટકાવવાના પ્રચારો હાથ ધરવાની સલાહ આપી છે. નિષ્ણાતોનું કહેવું છે કે, ચીન ઉપરાંત અન્ય દેશોએ પણ સાવધાન રહેવાની જરૂર છે.

દરમિયાન કેટલાક રિપોર્ટમાં દાવો થઈ રહ્યો છે કે, ભારતમાં પણ માઈકોપ્લાજમા ન્યુમોનિયાના કેસોનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. ચીનમાં તાજેતરમાં જ ન્યુમોનિયાના કેસોમાં ધરખમ વધારો થયો છે. ભારતમાં પણ આ રોગની પુષ્ટી થઈ હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો છે, ત્યારે ચીનમાં ફેલાયેલા રોગની ભારતમાં પર એન્ટ્રી થઈ હોવાના દાવા પર ભારત સરકારે ખુલાસો કર્યો છે.

ચીનની જેમ ભારતમાં પણ માઈકોપ્લાજમા ન્યુમોનિયાના કેસનો રિપોર્ટ નોંધાયો હોવાના દાવાને ભારત સરકારે રદીયો આપ્યો છે. ભારત સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, આ રિપોર્ટો ભ્રામક અને ખોટા છે. પીઆઈબીએ રિલિઝમાં જણાવ્યું છે કે, દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં બેક્ટીરિયલ સંક્રમણના કેટલાક કેસોને ચીનના ન્યુમોનિયા રોગ સાથે ખોટી રીતે જોડવામાં આવી રહ્યા છે. માઈક્રોપ્લાજમા ન્યુમોનિયા રોગ ન્યુમોનિયાના સામાન્ય લક્ષણોમાંથી એક છે. તેમાં વધુમાં જણાવાયું છે કે, ચીનમાં બાળકોમાં શ્વસન સંક્રમણના કેસો નોંધાયા છે, તે કેસોનો એમ્સ દિલ્હીમાં નોંધાયેલા ન્યુમોનિયાના કેસો સાથે કોઈ સંબંધ નથી. ચીનમાં ફેલાઈ રહેલા સંક્રમણ મામલે ભારત સરકાર સાવધાન છે અને તકેદારીના તમામ પગલાઓનું ગંભીરતાથી પાલન કરવામાં આવી રહ્યું છે.

# ચોંકાવનારો રિપોર્ટ : વાર્ષિક આધારે નોકરીઓ ૧૨% ઘટી, IT સેક્ટરને સૌથી વધુ અસર, AI ક્ષેત્રને ફાયદો

## એક રિપોર્ટ અનુસાર IT-સોફ્ટવેર, ટેલીકોમ અને શિક્ષણ ક્ષેત્રોમાં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન ભરતીઓમાં ઘટાડો નોંધાયોઃ વ્હાઈટ કોલર જોબમાં ૨,૪૩૩ જોબ પોસ્ટિંગ સાથે ૧૨ ટકાનો ઘટાડો થયો છે જે એક વર્ષ આ સમયગાળામાં ૨,૭૮૧ હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં વ્હાઈટ કોલર જોબ કરનારા લોકો માટે મોટા અહેવાલ સામે આવ્યા છે. તાજેતરમાં જારી થયેલા એક રિપોર્ટ અનુસાર IT-સોફ્ટવેર, ટેલીકોમ અને શિક્ષણ ક્ષેત્રોમાં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન ભરતીઓમાં ઘટાડો નોંધાયો છે. તેમાં વાર્ષિક આધારે ૧૨%નો ઘટાડો નોંધાયો છે.

નોકરી જોબસ્પીક ઈન્ડેક્સના અહેવાલ અનુસાર ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં વ્હાઈટ કોલર જોબમાં ૨,૪૩૩ જોબ પોસ્ટિંગ સાથે ૧૨ ટકાનો ઘટાડો થયો છે જે એક વર્ષ આ સમયગાળામાં ૨,૭૮૧ હતી.

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ટેલીકોમમાં ૧૮%, શિક્ષણમાં ૧૭% અને રિટેલિંગ સેક્ટરમાં



૨૦૨૨ની તુલનાએ ૧૧% સુધીનું ઓછું હાયરિંગ થયું. જ્યારે હોસ્પિટાલિટી, ટ્રાવેલ ઓટો અને ઓટો સહાયક જેવા ક્ષેત્રોમાં નિમણૂક સ્થિર રહી.

અહેવાલ અનુસાર ઓક્ટોબર-નવેમ્બરમાં આઈટી ક્ષેત્રમાં કુલ હાયરિંગ ગત વર્ષના આ સમયગાળાની તુલનાએ ૨૨ ટકા જેટલું ઘટ્યું હતું. જ્યારે ઊર્જા ક્ષેત્રની કંપનીઓ દ્વારા ઝડપથી વિસ્તરણ અને દેશભરમાં નવી રિફાઈનરીઓની સ્થાપનાને કારણે ઓઈલ અને ગેસ સેક્ટરમાં ગત વર્ષની તુલનાએ ઓક્ટોબર-નવેમ્બરમાં ૯ ટકાનું હાયરિંગ વધ્યું. ફાર્મા સેક્ટરમાં પણ ૨૦૨૨ની તુલનાએ ઓક્ટોબર-નવેમ્બરમાં નવું ૬%નું હાયરિંગ થયું છે. આ ઉપરાંત વીમા સેક્ટરમાં ૫%નો વધારો જોવા મળ્યો.

રિપોર્ટ અનુસાર ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન મશીન લર્નિંગ એન્જિનિયર અને ફુલ સ્ટેક ડેટા સાયન્ટિસ્ટ જેમ કે એઆઈ સંબંધિત સેક્ટરમાં નવી નોકરીઓ ઝડપથી વધી છે. મશીન લર્નિંગ એન્જિનિયરિંગમાં નોકરીઓ એક વર્ષ પહેલાની તુલનાએ ૬૪ ટકા અને ફુલ સ્ટેક ડેટા સાયન્ટિસ્ટમાં ૧૬ ટકા વધી છે.

# જામનગરના એસ.ટી. ડેપોમાં ડ્રાઈવરના રૂમમાંથી દેશી દારૂની કોથળીઓ અને શરાબની ખાલી બોટલ મળી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા અંગેની ચકાસણી માટે અદાવાદની એક ટીમનું આગમન થયું હતું,જામનગરના એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા અંગેની ચકાસણી માટે અદાવાદની એક ટીમનું આગમન થયું હતું, પરંતુ એસ.ટી. ડેપોના ઉપરના માળે કચરો, ગંદકી અને દારૂની ખાલી બોટલો જોવા મળતા તપાસ ટીમ પણ ચોંકી ઊઠી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં જ એસ.ટી.માં જ એસ.ટી.માં સ્વચ્છતા અભિયાન અન્વયે કાર્યક્રમ યોજાયો હતો.જામનગરના એસ.ટી. ડેપોમાં અમદાવાદથી એમ.ડી. શુક્લ અને તેની ટીમ જામનગર આવી પહોંચી હતી. અને જામનગરના એસ.ટી. ડેપોમાં ઉપરના માળે ડ્રાઈવર રૂમ અને આજુબાજુના વિસ્તારમાં તપાસ કરતા કચરો, ગંદકી જોવા મળ્યા હતાં. આ ઉપરાંત દેશી દારૂની ખાલી કોથળીઓ તેમજ અંગ્રેજી દારૂની ખાલી બોટલો મળી આવતા તપાસ ટીમ પણ ચોંકી ઊઠી હતી અને સમગ્ર સ્થિતિનું વીડિયો રેકોર્ડીંગ કરી ઉચ્ચ અધિકારીને મોકલાવ્યું હતું. આથી એવું માની શકાય કે એસ.ટી.માં રાત્રે દારૂની મહેફીલ ચાલતી હશે.અત્રે ઉલ્લેખનિય છે કે, સરકાર દ્વારા ચાલતા સ્વચ્છતા અભિયાન અન્વયે તાજેતરમાં જામનગરના એસ.ટી. ડેપોમાં પણ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું, પરંતુ માત્ર બસો ઊભી રહે છે તે વિસ્તાર સફાઈ કરી ફોટા પ્રસિદ્ધ કરાયા હોય, તેમ કહી શકાય. કારણ કે ડેપોના ઉપરના ભાગે સફાઈ કરવામાં આવી હોય, તો આટલી ગંદકી જોવા મળે નહીં. ?

# જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર વસઇ ગામના પાટીયા પાસે ત્રીપલ અકસ્માત સર્જાયોઃ ૧૫ ને ઈજા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર વસઇ ગામના પાટીયા પાસે ત્રીપલ અકસ્માત સર્જાયો છે.ટ્રક ચાલકે ઓચિંતી બ્રેક મારતાં ખાનગી કંપની ના કર્મચારીઓ સાથેની લક્ઝરી બસ ટકરાઈને રોડ થી નીચે ઉતરી પાછળ આવી રહેલી કાર પણ અથડાઇ ખાનગી લક્ઝરી બસમાં બેઠેલા ૧૫ મુસાફરોને નાની મોટી ઇજા એક યુવાનના બંને પગ કપાયા પોલીસ તંત્ર દોડતું થયું ૧૦૮ ની ચાર એમ્બ્યુલન્સ તથા ખાનગી કંપનીની ત્રણ એમ્બ્યુલન્સ સહિત સાત વાહનોમાં ઇજાગ્રસ્તો ને જી . જી . હોસ્પિટલમાં ખસેડાયા જામનગર - ખંભાળિયા ધોરી માર્ગ પર વસઇ ગામના પાટીયા પાસે ત્રીપલ અકસ્માત સર્જાયો છે . આગળ જઈ રહેલા ટ્રક ચાલકે ઓચિંતી બ્રેક મારતાં પાછળથી આવી રહેલી ખાનગી લક્ઝરી બસ અને કાર ટકરાઈ ગયા હતા . જે ત્રિપલ અકસ્માતમાં લક્ઝરી બસમાં બેઠેલા ૧૫ મુસાફરોને નાની મોટી ઈજા થઈ છે . જેમાં એક યુવાનના બે પગ કપાયા છે . પોલીસ તંત્ર , ફાયર વિભાગ તથા ૧૦૮ ની ટુકડી દોડતી થઈ છે . આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર - ખંભાળિયા ધોરી માર્ગ પર વસઈ અને રાવલસર ગામ વચ્ચે ના માર્ગે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં એક ટ્રક ચાલકે ઓચિંતિ બ્રેક મારી દીધી હતી , જેના કારણે પાછળ આવી રહેલી એક ખાનગી બસ ટ્રક સાથે ટકરાઈને રોડથી નીચે ઉતરી ગઈ હતી . ઉપરાંત એક કાર પણ બસની સાથે ટકરાઈ ગઈ હતી.જે ત્રિપલ અકસ્માતમાં લક્ઝરી બસમાં બેઠેલા મુસાફરો ઘાયલ થયા હતા . મોટી ખાવડી સ્થિત ખાનગી કંપની ના કર્મચારીઓ ને લઈને લક્ઝરી બસ જામનગર તરફ આવી રહી હતી , જે દરમિયાન વસઇ ના પાટીયા પાસે આ અકસ્માત નડ્યો હતો . જે ઘટનાની જાણ થતાં ભારે દોડધામ થઈ હતી . જામનગર ની ફાયર બ્રિગેડની ટીમ તથા પોલીસ ટુકડી સૌપ્રથમ ઘટના સ્થળે દોડી હતી , ત્યારબાદ જામનગરની ૧૦૮ ની ચાર એમ્બ્યુલન્સ બનાવના સ્થળે પહોંચી ગઈ હતી , જ્યારે ખાનગી કંપનીની ત્રણ એમ્બ્યુલન્સ પણ ઘટના સ્થળે પહોંચી હતી . જે સાતેય વાહનોમાં કુલ ૧૫ જેટલા ઇજાગ્રસ્તો ને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા , ત્યારે જી.જી. હોસ્પિટલમાં પણ અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.એક યુવાન કે જેના બંને પગ બસની અંદર ફસાયા હતા , અને પગમાં કે ગંભીર ઇજા થઈ હતી . જેને ફાયરની ટીમે બહાર કાઢ્યો હતો , અને એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે . જેના બંને પગ ક્ષતિ ગ્રસ્ત બની ગયા છે . આ ઘટનાની જાણ થવાથી પંચકોશી બી . ડિવિઝનનો સ્ટાફ ઘટના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલે દોડી ગયો છે , અને સિક્કા પોલીસની ટુકડી પણ દોડતી થઈ હતી , અને અકસ્માત મામલે વધુ તપાસ ચલાવાઇ રહી છે.

# મોરબીના જાંબુડિયા ગામે ઈકો કારમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ સાથે એક ઝડપાયો,અન્ય એક ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના જાંબુડિયા ગામની સીમમાં આવેલ લેટિગ્રેસ સીરામીક સામેથી ઈકો કારમાં દેશી દારૂના ૪૦૦ લીટરના જથ્થાની હેરાફેરી કરતા એકને ઝડપી લેવામાં આવ્યો છે જયારે અન્ય એક આરોપી પોલીસને આવતા જોઈ ભાગી છૂટવામાં સફળ થયો હતો. ત્યારે મોરબી તાલુકા પોલીસે ઈકો કાર અને દેશી દારૂનો જથ્થો કબ્જે લઇ બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. હેઠળ ગુન્હો દાખલ કરી ભાગી છૂટેલ આરોપીની શોધખોળ આદરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી મોરબી તાલુકાના જાંબુડિયા ગામની સીમમાં આવેલ લેટિગ્રેસ સીરામીક સામેથી એક મારુતિ સુઝુકી કંપનીન ઇકો કાર રજી.જીજે-૧૩-સીબી-૦૨૧૦ માંથી પ્લાસ્ટીકની ૮૦ કોથળીમાં કુલ ૪૦૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે આરોપી પ્રવિણભાઇ દેવાભાઇ ઉઘરેજા ઉવ.૨૮,રહે. ધારાડુંગરી, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરને ઝડપી લીધેલ હતો. જયારે અન્ય એક આરોપી નવઘણભાઇ કરમશીભાઇ ઉઘરેજા રહે. ધારાડુંગરી, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર પોલીસને આવતા જોઈ નાસી ભાગી જવાં સફળ થયો હતો જેથી પોલીસે ઇકો કાર તથા દેશી દારૂનો જથ્થો જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. ગુન્હો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત

# પાત્રતા ધરાવતા નાગરિકોને મતદાર યાદીમાં નામ નોંધાવવા અપીલ કરતા જિલ્લા કલેકટર જી. ટી. પંડયા

**મુખ્ય સમાચાર, મોરબી**



આગામી લોકસભાની ચુંટણીમાં મતાધિકાર પ્રાપ્ત કરવા મતદારયાદીમાં નામ નોંધાવવા મોરબી જિલ્લામાં ખાસ મતદાર નોંધણી ઝુંબેશ યોજવામાં આવી રહી છે. જે અંતર્ગત મોરબી જિલ્લાના ત્રણ વિધાન સભા બેઠકો માટે ખાસ ઝુંબેશ અંતર્ગત મતદાર યાદીમાં નવા નામ ઉમેરવા, નામ રદ કરવા, સરનામું કે અન્ય વિગતોમાં સુધારા અંગેની કામગીરી થઈ રહી છે.

મોરબી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી જી.ટી. પંડયાએ મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં ભારતના ચુંટણી પંચ દ્વારા દેશકા ફોર્મ કાર્યક્રમ અને એસ.એસ.આર.-૨૦૨૩ મતદાર લાયકાત ૦૧-૦૧-૨૦૨૪ અંતર્ગત તા. ૨૭-૧૦-૨૦૨૩ થી ૨૬-૧૨-૨૦૨૩ દરમિયાન નવા મતદાર નોંધણી, મતદાર યાદીમાં સુધારણા, સ્થળાંતર, નામ કમી કરાવવાની કામગીરી ચાલી રહેલ છે.

એસ.એસ.આર. દરમિયાન મોરબી જિલ્લાના ત્રણ વિધાનસભા મત વિસ્તારમાં ફોર્મ નં. ૬ હેઠળ નવા નામ નોંધાવવા માટે ૯૧૯૮, ફોર્મ નં. ૭ નામ કમી કરાવવા માટે ૬૯૧૫, ફોર્મ નં. ૮ સુધારો અથવા સ્થળાંતર માટે ૧૦,૦૦૦ થી વધારે ફોર્મ આવ્યાં છે. આમ કુલ ૨૬,૦૦૦ થી વધારે નવા ફોર્મ મળ્યા છે. એસ.એસ.આર.માં કુલ ચાર ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ નવેમ્બર, ૨૬ નવેમ્બર અને ૩ ડિસેમ્બરની ઝુંબેશ પૂર્ણ થયેલ છે અને હવે પછીની છેલ્લી ઝુંબેશ ૯ ડિસેમ્બરના રોજ યોજવામાં આવશે.

વધુમાં વધુ લોકો મોરબી જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૨૩ ના રોજ યોજાનાર ઝુંબેશનો લાભ લે તેમજ જે વ્યક્તિને સ્થળાંતર માટેનું ફોર્મ ભરવાનું હોય તેવા લોકો આ ઝુંબેશમાં મતદાન મથક પર ઇક્ષનો સંપર્ક કરી જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી જી.ટી. પંડ્યા એ અપીલ કરી હતી. આ સાથે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કુલદીપસિંહ વાળાએ પણ સૌને આ ઝુંબેશનો લાભ લેવા માટે અપીલ કરી છે.

# સિક્કા નગરપાલિકા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના સિક્કા નગરપાલિકા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન થયું હતું. પ્રમુખ , સિક્કા નગરપાલિકાના અધ્યક્ષ સ્થાને સિક્કા માધ્યમિક શાળાના પટાંગણ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહભેર રથને આવકારી સ્વાગત કર્યું હતું.સિક્કા માધ્યમિક શાળા ખાતે રથની સાથે આ રથના ઉદેશ્ય વિષે આવેલા તમામને અવગત કરાવવામાં આવેલ. ત્યારબાદ આ રથ પરથી જ લગાવેલ ટીવી સ્ક્રીન મારફત પ્રધાનમંત્રીનો ભારતના નાગરિકને આ રથના ઉદેશ્ય અને મળતા લાભ અને વિવિધ યોજનાના ફેલાવા અને યોજનાથી વંચિત સુધી યોજનાનો લાભ મળે તે હેતુસરનો સંદેશનું ચયન આવેલ તમામ જન સમૂહો દ્વારા કરાવવામાં આવેલ. આ રથના ઉદેશ્યને જાણી અને આવેલા તમામા લોકો દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા.સિક્કા નગરપાલિકા વિસ્તારમાં વસવાટ કરતા લોકોને કેન્દ્ર સરકાર દ્વારા મળેલ વિવિધ યોજના અંગેના લાભો અંગે તેઓના મુખેથી મારી વાર્તા મારા શબ્દોમાં અનુભવો સાંભળવા આવેલ.સિક્કા માધ્યમિક શાળા ખાતે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ધરતી કહે પુકાર કે. અને સ્વચ્છતા. અંગેના ગીત પર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવેલ.કાર્યક્રમ અંતર્ગત આયોજીત કરાયેલ આરોગ્ય કેમ્પમાં ગ્રામજનોની ટી.બી, સિકલ સેલ સહીતની આરોગ્ય તપાસ કરાઈ હતી. તેમજ પોષણ યોજના પીએમ સ્વનિધી, પીએમ આવાસ યોજના.શહેરી, આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ, આધાર કાર્ડ, પીએમ ઉજ્જ્વાલા વગેરે યોજનાના લાભો લાભાર્થીઓને અર્પણ કરાયા હતા. જેની લાભાર્થીઓએ મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત વાત કરી ખુશી વ્યક્ત કરી હતી.કાર્યક્રમ સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ તેમજ ઉજ્જવલા યોજના અંગેના સ્ટોલ ઉભા કરી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં સિક્કા નગરપાલિકાના પ્રમુખ રાજીબેન બચુભાઈ પરમાર, ઉપપ્રમુખ શિવપુરી નથુપુરી ગોસ્વામી અને કારોબારી ચેરમેન જુસબ જાકુબ બારોયા સહિતનાજનપ્રતિનિધિઓ, આગેવાનો, સરકારી વિભાગના અધિકારી.કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના સો ઓરડી મેઈન રોડ ઉપરથી વિદેશી દારૂની ત્રણ બોટલ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના સો ઓરડી મેઈન રોડ ઉપરથી આરોપી જીગ્નેશભાઇ મનસુખભાઇ મહેમદાવાદી ઉવ.૨૩ રહે-સો-ઓરડી શેરી નં.૦૨ મોરબી-૨ ના કબ્જામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ત્રણ બોટલ કિ.૧૦૫૦ નો મુદામાલ વેચાણ કરવાને ઈરાદે પોતાના કબ્જામાં રાખી રંગે હાથ હાજર મળી આવતા તેની અટક કરી આરોપી વિરુદ્ધ પ્રોહી. હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાવલની ૧૫ વર્ષીય વિદ્યાર્થીનીનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**



દેવભૂમિ દ્વારકા કલ્યાણપૂર તાલુકાના રાવલ ગામની ૧૫ વર્ષીય આશાબેન ગામી નામની વિદ્યાર્થીનીનો આપઘાત ,અગમ્ય કારણસર એસિડ પી જીવતરનો અંત આણ્યો પરિવારમાં શોક છવાયો હતો.

# રાજુલામા આવેલ એચ બી સંઘવી મહિલા કોલેજમા રાષ્ટ્રીય કિશોર-કિશોરી સ્વાસ્થ્ય સેમિનારનું આયોજન કરાયુ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**



રાજુલામાં આવેલ શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા કોલેજ ખાતે રાષ્ટ્રીય કિશોર-કિશોરી સ્વાસ્થ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં જનરલ હોસ્પિટલ રાજુલાના અધિક્ષક ડો.હરેશભાઈ જેઠવા,રાજેશભાઈ રાઠોડ,પ્રતિમાબેન સારીખડા,નેહલ કલસરિયા તેમજ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો જીગ્નેશભાઈ વાજા,કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ,સલાહકાર સમિતિના સભ્ય ગિરધરભાઈ ઉનાગર,અધ્યાપક ગણ અને વિદ્યાર્થીની બહેનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ કાર્યક્રમની શરૂઆતમાં અતિથિવિશેષનું શાબ્દિક સ્વાગત તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કેમ્પસ ડાયરેક્ટરના હસ્તે કરવામાં આવ્યુ હતું અને ત્યારબાદ ડો.જેઠવા દ્વારા આરોગ્ય વિષયક અને રાજેશભાઈ રાઠોડ દ્વારા ટીબી વિશે વિદ્યાર્થીની બહેનોને ખૂબ જ મહત્વપૂર્ણ માહિતી આપી તેમના પ્રશ્નોનું નિરાકરણ કરેલ તેમજ પ્રતિમાબેન સારીખડાએ (એચ.આઇ.વી)એઇડ્સ વિશે અને તેના લક્ષણો તેનાથી કેવી રીતે બચી શકાય દરેક બાબત વિશે માહિતી આપી હતી ત્યારબાદ નેહલબેન કલસરિયાએ હિમોગ્લોબીન વિશે વાત કરી જે વિદ્યાર્થીનીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે તેમજ કોલેજ પરિવાર વતી જનરલ હોસ્પિટલના સ્ટાફગણનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.આ તકે સંસ્થાના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ,પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવલે શુભેચ્છાઓ પાઠવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સનાબેન લાખાણીએ કરેલ.

# ટંકારાના કારખાનામાં કામ કરતા આધેડને આવ્યો હાર્ટ એટેક

**મુખ્ય સમાચાર, ટંકારા**

મોરબી જીલ્લા સહીત ગુજરાત અને સમગ્ર દેશમાં હાલ હાર્ટ એટેકથી મોત થયાના બનાવો વધવા પામ્યા છે ત્યારે ગુજરાત સરકાર તરફથી આ ગંભીર બાબતે એક આખી ડોક્ટરોની કમિટી બનાવી હાર્ટ એટેક કેમ આવે છે અને આની પાછળનું કારણ જાણવા સૂચના આપવામાં આવી છે ત્યારે વધુ એક હાર્ટ એટેકથી મોતનો બનાવ સામે આવ્યો છે. જેમાં પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઉત્તરપ્રદેશના વતની હાલ ટંકારાના સાલદિપ વિનાયાલ એલએલટી કારખાનામાં કામ કરતા રામ સિધારે ઉવ.૪૦ ને ગઈકાલ તા.૦૭/૧૨/૨૩ ના બપોરે એકાદ વાગ્યાની આસપાસ છાતીમાં દુખાવો થતા સ.હો ટંકારા સારવારમા લઈને આવતા હતા ત્યારે રસ્તામાં હાર્ટ-એટક આવી જતા સ.હોસ્પિ.ટંકારાના ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મરણ જાહેર કરતા સમગ્ર બનાવ અંગે ટંકારા પોલીસે અ.મોત રજી. કરી આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબીના કુલ ૬૧૦૯ વિદ્યાર્થીઓ સંસ્કૃત ગૌરવ પરીક્ષા આપશેઃ કુલ ૨૯ કેન્દ્રો પર પરીક્ષા લેવાશે

## ગુજરાતના ૭૩૬ કેન્દ્ર પરથી ૭૮૬૪૭ છાત્રો પરીક્ષા આપશેઃ આ પરીક્ષા આવતીકાલે યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**




સંસ્કૃતભારતી ગુજરાત પ્રેરિત સંસ્કૃત ગૌરવ પરીક્ષા ગુજરાતમાં સંસ્કૃતના પ્રચાર પ્રસાર માટે અને ઘર ઘર સુધી સંસ્કૃત પહોંચે તે લક્ષ્ય સાથે ગુજરાતમાં છેલ્લા ૧૯ વર્ષોથી સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરી રહી છે.

સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં આ વખતે સંપૂર્ણ ગુજરાતના ૭૩૬ કેન્દ્રો પરથી ૭૮૬૪૭ છાત્રો પરીક્ષા આપશે.આ વખતે આ પરીક્ષામાં ઐતિહાસિક સંખ્યા થઈ છે.સંપૂર્ણ ભારતમાં જે જે સંસ્કૃતની પરીક્ષાઓ લેવાય છે તેમાં સૌથી વધુ સંખ્યા નોંધાયેલી હોય તો તે આ પરીક્ષામાં છે. તા.૦૯ ને શનિવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ પ્રવેશિકા અને પ્રમોદીકા પરીક્ષા અને બપોરે ૦૧ થી ૦૨ પ્રદીપિકા અને પ્રવાહિકા પરીક્ષા રહેશે. આ પરીક્ષા પૂર્વે કેન્દ્ર સંયોજકો માટે ઓનલાઈન ચાર દિવસ ભણાવવાનું આયોજન પણ કરેલ હતું.છાત્રોના અભ્યાસ માટે સંસ્કૃત ગૌરવ પરીક્ષા એપ્લીકેશન પરથી ખુબ સારી તૈયારી કરી શકે તેવું આયોજન કરેલ છે. સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને દરેક કેન્દ્રને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે. સંસ્કૃત ગૌરવ પરીક્ષા સમિતિ આ પરીક્ષા આપનાર દરેક છાત્રોને અભિનંદન પાઠવે છે.

# ઘર બેઠા બનશે આયુષ્માન કાર્ડઃ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો અનેરો સંકલ્પ

## 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અન્વયે મોરબી જિલ્લાના ૨૭૬૩ લાભાર્થીઓએ મેળવ્યો આયુષ્માન કાર્ડ યોજનાનો લાભ

**મુખ્ય સમાચાર, મોરબી**



સમગ્ર ભારતના છેવાડાના ગામ સુધી જરૂરિયાતમંદ લોકોને સરકારી યોજનાઓના લાભ અને યોજનાઓ વિશેની માહિતી મળી રહે તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય પણ આ યાત્રામાં સક્રિય રીતે જોડાયું છે. જે અન્વયે મોરબી જિલ્લાના ગામે-ગામ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ પરિભ્રમણ કરી રહ્યા છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન વિવિધ કલ્યાણકારી યોજનાલક્ષી કાર્યક્રમો દ્વારા વિવિધ યોજનાઓના લાભ સામાન્ય જનતા સુધી પહોંચાડવામાં આવે છે.

યાત્રા દરમિયાન રથ ગ્રામજનો સાથે મુલાકાત કરી તેમના પ્રશ્નો સાંભળે છે અને તેનું નિરાકરણ કરવાનો પ્રયાસ પણ કરે છે. જેમાંની એક સમસ્યા છે કે અચાનક આવી જતો મેડિકલ ખર્ચનો બોજો. લોકોને રોગની અસર અને તેની સારવાર માટે થતા મસમોટા મેડિકલ ખર્ચ સામે રક્ષણ આપવા સરકારશ્રી દ્વારા આયુષ્માન કાર્ડની યોજના શરૂ કરવામાં આવી છે. આ આયુષ્માન કાર્ડ યોજનામાં ૧૦ લાખની મર્યાદામાં સારવારનો ખર્ચ સરકાર ઉઠાવે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્માન કાર્ડ વિશે માહિતી પુરી પાડી ઘર આંગણે લોકોને આયુષ્માન કાર્ડ બનાવી આપવાની સવલત પૂરી પાડવામાં આવી રહી છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ પરિભ્રમણ દરમિયાન જિલ્લામાં ૬ ડિસેમ્બર સુધીમાં ૮૮ ગ્રામ પંચાયત સુધી પહોંચ્યો છે, જે દરમિયાન ૨૭૬૩ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-આયુષ્માન કાર્ડની સેવા પૂરી પાડવામાં આવી છે.

આ લાભાર્થીઓ માટે આ આયુષ્માન કાર્ડ સંકટ સમયની સાંકળ સાબિત થશે. ગરીબ લોકો જે પોતાના ઘરનો ખર્ચ પણ માંડ ચલાવી શકતા હોય ત્યારે અચાનક કોઈ દવાખાનાનો ખર્ચ આવી ચડે ત્યારે ઘર પર જાણે પહાડ તૂટી પડે છે. પરંતુ હવે આવા પરિવારો માટે આશીર્વાદ બની છે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

## GETCOના ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતીમાં પાસ થયેલ ઉમેદવારોને નિમણૂંક પત્ર આપોઃ કોંગ્રેસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યસરકારના ઊર્જાવિભાગના નેજાહેઠળ આવતું GETCO માં ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક)ની ભરતી બહાર પાડવામાં આવી હતી. આ ભરતીમાં પરિક્ષા પદ્ધતિમા પ્રથમ પોલ ટેસ્ટ બાદમાં લેખીત પરિક્ષા એમ બે કસોટીઓ બાદ મેરીટ લિસ્ટના આધાર પર ભરતી થતી હોય છે. GETCO ના રાજ્યના અલગ અલગ ત્રણ વર્તુળોમાં રાજકોટ,ભરૂચ અને મહેસાણા વિભાગમાં આ ભરતી બહાર પાડ્યા બાદ સૌ પ્રથમ પોલ ટેસ્ટ માર્ચ-૨૦૨૩ થી તબ્બકાવાર શરૂ થયા હતા અને બાદમાં પાંચ મહીનાના સમયગાળા બાદ ૦૯-૦૯-૨૦૨૩ ના રોજ લેખીત પરીક્ષા લેવાયેલ હતી. GETCOમાં ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની બંને પરીક્ષાઓ આપ્યા બાદ બહાર પડેલા મેરીટ લિસ્ટમાંથી તમામ વર્તુળોમાં ખાલી પડેલી જગ્યાઓ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

મુજબ રાજકોટ વર્તુળમાં -૬૯૧ ,ભરૂચ વર્તુળમાં-૩૮૧ અને મહેસાણા વર્તુળમાં -૧૫૨ ઉમેદવારોને પસંદગી કરવામાં આવી હતી અને તે મેરીટ લિસ્ટ ૨૭-૦૯-૨૦૨૩ જાહેર થયેલ હતું.પાસ થયેલ તમામ ઉમેદવારોએ ઝોન મુજબ ૧૭-૧૦-૨૦૨૩ એ નજીકની સર્કલ ઓફિસ પર મેડીકલ ફિટનેસ સર્ટિફિકેટની જમા કરાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવતા એ પ્રક્રિયા પણ સૌ ઉમેદવારોએ પૂર્ણ કરેલ છે. ભરતીની સંપૂર્ણ પ્રક્રિયા અને મેડીકલ ફિટનેસ સર્ટિફિકેટ આપ્યા બાદ આજદિન સુધી બે મહિનાનો સમય વીત્યા બાદ હજુ સુધી નિમણુક પત્ર આપવામાં આવ્યા ના હોવાથી પસંદગી પામેલા તમામ ઉમેદવારો ચિંતામા મુકાયા છે. તાત્કાલિક નિમણૂક પત્ર આપવા કોંગ્રેસે માંગ કરી છે.

## ગૃહમંત્રી હર્ષ સંઘવી અચાનક રાજકોટની મુલાકાતે

### અમદાવાદથી વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરી પરત બસમાં અમદાવાદ ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના ગૃહમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી અમદાવાદથી વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરીને રાજકોટ જંકશન રેલવે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. જ્યાંથી તેઓ એસટી બસમાં મુસાફરી કરીને પરત અમદાવાદ જવા માટે રવાના થયા હતા.ગુજરાતના પરિવહન મંત્રી હર્ષ સંઘવી અમદાવાદથી વંદે ભારત ટ્રેનમાં યાત્રા કરીને રાત્રીના ૯:૧૦ વાગ્યે રાજકોટ પહોચ્યા હતા. જંકશન રેલવે સ્ટેશન પર તેમનું સ્વાગત કરવા માટે કલેકટર, પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા.ત્યાર બાદ હર્ષ સંઘવી એસટી બસ સ્ટેશન ખાતે પહોંચી દ્વારકા-ગાંધીનગર રૂટની



એસટી બસમાં અમદાવાદ જવા માટે રવાના થયા હતા. તે પહેલાં તેમના દ્વારા એસટી બસ પોર્ટના વિવિધ વિભાગો નિહાળી મુસાફરો સાથે વાતચીત કરી તેઓ પાસેથી એસટી બસ પોર્ટમાં આવતી બસો અને સ્ટેશન પર મળતી સુવિધાઓ વિશે વાતચીત કરી હતી. તે સિવાય વેઇટિંગ રૂમ તથા શૌચાલયની મુલાકાત લઈને તેઓએ સ્વચ્છતા અંગે તાગ મેળવ્યો હતો. અહીંયાથી તેઓએ રાત્રીના ૧૧:૦૦ વાગ્યા આસપાસ દ્વારકા-ગાંધીનગર રૂટની બસમાં અમદાવાદ જવા માટે રવાના થયા હતા.આ અંગે વાહન વ્યવહાર મંત્રીએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે હાલના ભારતમાં વંદે ભારત જેવી ટ્રેનો ચાલે છે. પહેલા આઝાદીના ૬૫ વર્ષો પછી પણ તેવી જ ટ્રેન ચાલતી આવતી પરંતુ હવે પ્રધાનમંત્રી દ્વારા ઝડપી અને આરામદાયક ટ્રેન શરૂ સ્વચ્છ રાખવાન પરિવહનમંત્રી આવતા બસ પોર્ટમાં સાફસફાઈ થઈ અને સેલ્ફી પોઈન્ટ મુકાયા રાજકોટમાં પરિવહન મંત્રી હર્ષ સંઘવી અચાનક આવી પહોંચ્યા હતા. એટલું જ નહિ પરંતુ આ વખતે તેઓએ સરકારી વાહનોમાં મુસાફરી કરી હતી. જેથી રાત્રીના સમયે તેઓ રાજકોટ એસટી બસ પોર્ટ ખાતે આવ્યા હતા અને અહીંયા વિવિધ વિભાગો નિહાળી સુવિધાઓની ચકાસણી કરી હતી. તે પહેલાં એસટી વિભાગ દ્વારા બસ પોર્ટને એકદમ સ્વચ્છ કરી મચ્છરોના ઉપદ્રવને કાબૂમાં લાવવા ડીડીટીનો છંટકાવ કર્યો હતો. એટલું જ નહિ પરંતુ બસ પોર્ટના એન્ટ્રી ગેટ પાસે આવતા મુસાફરો માટે એક સેલ્ફી પોઈન્ટ પણ મૂકવામાં આવ્યો હતો.

## આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકઃ ૩૮ દરખાસ્ત મુકાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આવતીકાલે રાજકોટ મહાનગરપાલીકાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે જેમાં આડત્રીસ દરખાસ્ત ચર્ચા વિચારણા થશે ખાસ કરીને મનપાના બિલ્ડીંગમાં સોલાર રૂફટોપ પાવર સિસ્ટમના ઈન્સ્ટોલેશન તેમજ અન્ય બાબતોનો વિર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કરવા અંગે, વનીકરણ વિસ્તારમાં મીયાવાકી પદ્બતિથી થીમ ફોરેસ્ટ બનાવવા અંગે, ભાદરડેમ સાઈટ પર વર્ટીકલ ટર્બાઈન પંપ માટે બાઉલ એસેમ્બલી ૩ સેટ ખરીદવા અંગે તેમજ અન્ય બાબતો પર નિર્ણય લેવાશે. વધુમાં હનુમાનમઢી ચોક સુધી રસ્તાની બન્ને બાજુ પેવિંગ બ્લોક નાખવાના કામ અંગે નિર્ણય લેવાશે આ સાથે મિકેનીકલ સંવર્ગની લાયકાત, ભરતીના નિયમમાં સુધારો કરી તેનો મિકેનિકલમાં સમાવેશ કરવા અંગે નિર્ણય લેવાશે.

શહેરના વોર્ડ નં.૧માં આવેલ આવાસ યોજનાની દુકાનો તેમજ લાઈટહાઉસ પ્રોજેકટમાં ત્યાર થયેલ શોપિંગ સેન્ટરની દુકાનો હરારાજીથી વેંચાણ આપી દસ્તાવેજ કરવા અંગે નિર્ણય લેવાશે. તેજ રીતે વોર્ડ નં.૧૧ માં આવેલ આવાસ યોજનાની દુકાનો પણ હરારાજીથી વેંચાણ આપી દસ્તાવેજ કરવા અંગે નિર્ણય લેવાશે.

## રાષ્ટ્રીયશાળા પાસે વાહન ધીમુ ચલાવવાનું કહેતા થઈ મારામારી

### અજાણ્યા શખ્સોએ ધોકા અને પાઈપ વડે મહિલાઓ પર કર્યો હુમલોઃ અનેકને ઈજા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમચાર રાજકોટ**

રાષ્ટ્રીય શાળા પાસે આજે બપોરે પૂરપાટ ઝડપે બાઈક લઈ નીકળેલા શખ્સને ટપારતા મામલો બીચકીયો હતો અજાણ્યા શખ્સો ધોકા અને પાઈપ સાથે ધસી આવી હુમલો કર્યો હતો આ સમયે રાષ્ટ્રીય શાળામાં લગ્ન પ્રસંગ હોય ત્યારે હુમલાખોરોએ મહિલાઓ અને યુવાનો પર તુટી પડયા હતા તેમાં અનેક ને ઈજા થઈ હતી. બનાવના પગલે રાષ્ટ્રીય શાળા રોડ પર લોકોના ટોળા ઉમટી પડયા હતા અને વાહન ચાલકો આ મારામારીના દ્દશ્યો જોવા ઉભા રહી ગયા હોય જેના પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો બનાવની જાણ એ.ડિવિઝન પોલીસના પીઆઈ ડીએમ હરીપરા પીએસઆઈ ગીરીરાજસિંહ વાઘેલા સહિતનો પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હુમલાખોરો સામે કાર્યવાહી શરૂ કરી હતી.

## રાજકોટ લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ - હોદેદારો બિનહરીફ ચૂંટાયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોહાણા મહાજન' ટ્રસ્ટના સુધારેલા બંધારણ મુજબ ટર્મ ૨૦૨૩ થી ૨૦૨૮ માટે યોજાયેલ ચૂંટણીના પરિણામો સંદર્ભે નવનિયુકત ટ્રસ્ટી મંડળની પ્રથમ બેઠક શેઠ જયંતિલાલ કુંડલીયા સેવા સંકુલ, આરસીસી બેંક ઓડીટોરીયમ, વાણિયાવાડી મેઇન રોડ, રાજકોટ ખાતે યોજાઇ હતી. ૨૦૨૩ થી ૨૦૨૮ સુધીની નવી ટર્મ માટે સતત બીજી વખત પ્રમુખ તરીકે રાજુભાઇ પોબારૂ તથા કારોબારી પ્રમુખ તરીકે ડો.નિશાંતભાઇ ચોટાઇની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

હાજર રહેલ સૌએ બંને હોદ્દેદારોને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા. સાથે-સાથે ઉપપ્રમુખ તરીકે શ્રીમતી રૂપલબેન આર.રાજદેવ, મંત્રી તરીકે શ્રીમતિ રીટાબેન બી.કોટક તથા ખજાનચી તરીકે ધવલભાઇ ડી.કારીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત બંધારણ મુજબ ૧૧ ટ્રસ્ટીઓની મહાજન કારોબારી સમિતિની જાહેરાત પણ કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ડો.નિશાંતભાઇ ચોટાઇ અને સભ્યો તરીકે શ્રી રાજુભાઇ પોબારૂ, શ્રીમતિ રૂપલબેન આર.રાજદેવ, શ્રીમતિ રીટાબેન બી.કોટક, ધવલ ડી.કારીયા, એડવોકેટ શ્યામલભાઇ સોનપાલ, પરાગ દેવાણી, દિનેશભાઇ બાવરીયા, એડવોકેટ તુષારભાઇ ગોકાણી, હિરેન ખખ્ખર તથા ધવલ ખખ્ખરનો સમાવેશ થાય છે.

રાજકોટ લોહાણા મહાજન દ્વારા જ્ઞાતિ ઉત્કર્ષના વિવિધ સામાજીક, સેવાકીય, તબીબી, શૈક્ષણિક, ધાર્મિક, સાંસ્કૃતિક, રોજગારલક્ષી વિગેરે કાર્યોનું સુચારુ સંચાલન થઇ શકે તે માટે વિવિધ કમિટિઓની પણ રચના કરવામાં આવી હતી. જેમાં મહિલા સમિતિ (ચેરપર્સન તરીકે શ્રીમતિ રીટાબેન એસ.કુંડલીયા), પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ કમિટિ (ચેરમેન તરીકે હિરેનભાઇ ખખ્ખર) ઓડીટ એન્ડ ફ્રોડ મોનિટરીંગ કમિટિ (ચેરમેન તરીકે ધવલભાઇ ખખ્ખર) તથા આંતરીક ફરિયાદ સમિતિ (પીઠાસીન અધિકારી તરીકે સુલભાબેન શીંગાળા)નો સમાવેશ થાય છે. શહેરના નામાંકિત આંખના સર્જન ડો.ચેતનભાઇ હિન્ડોચા તથા રઘુવંશી મહિલા અગ્રણી શ્રીમતિ સીમાબેન તેજસભાઇ રાજદેવને કો-ઓપ્ટ સભ્યો તરીકે નિમણુંક આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં રાજકોટ લોહાણા મહાજનની ગત ટર્મનો અહેવાલ મહાજનના કારોબારી પ્રમુખ ડો.નિશાંતભાઇ ચોટાઇએ આપ્યો હતો.

ગર્મ ટર્મના અહેવાલ બાદ આરસીસી બેંકના સીઇઓ, લોહાણા મહાજનની ચૂંટણીના કમિશનર ડો. પુરૂષોતમભાઇ પીપરીયાએ મિટીંગના એજન્ડા મુજબ કાર્યવાહી સંદર્ભે ચૂંટણીમાં નામાંકન પત્રો ભરનાર તમામ ઉમેદવારો સામે બંધારણમાં જણાવેલ ટ્રસ્ટીઓની સંખ્યા કરતા વધુ ઉમેદવારો ન આવતા, તમામ ટ્રસ્ટીઓને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા. હાજર રહેલા સૌએ તમામને તાળીઓથી વધાવી લીધા હતા. ત્યારબાદ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયેલ તમામ ટ્રસ્ટીઓની રાજકોટ લોહાણા મહાજનની ઉપરોકત કમિટિઓમાં પણ સર્વાનુમતે યથાયોગ્ય વરણી કરવામાં આવી હતી.

## વિનોદ નાગાણી જન્મ દિવસે કોળી સમાજના મહાયોધ્ધાઓની રક્તતુલા

### રવિવારે ડી.એચ.કોલેજના ગ્રાઉન્ડમાં કુંવરજીભાઈ બાવળીયા, પરસોતમભાઈ સોલંકી અને ભુપતભાઈ ડાભીની રક્તતુલા કરાશેઃ કોળી તથા સમસ્ત ઓબીસી સમાજના વ્યાપક હિતાર્થે મહત્વની જાહેરાત થશે

**મુખ્ય સમાચા, રાજકોટ**

શ્રીમાંધાતા ગ્રુપ ગુજરાત અને કોળી સેના સેના ગુજરાતના પ્રવક્તા વિનોદભાઈ નાગાણીના જન્મદિવસ નિમિતે તા.૧૦ ડિસેમ્બરને રવિવારે સવારે ૮.૩૦ થી સાંજે ૪ સુધી ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ ગ્રાઉન્ડ, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન બપોરે ૧૧.૩૦ કલાકે ભોજન સમારંભનું આયોજન પણ પ્રયોજવામાં આવ્યું છે. મહા રક્તદાન થકી એકત્રિત થયેલા સેંકડોં યુનિટ બ્લડથી કુંવરજીભાઈ બાવળીયા (રાજયના પાણી પુરવઠા, જળ સંપતિ મંત્ર), પરસોતમભાઈ સોલંકી (મંત્રી મત્સ્ય ઉદ્યોગ) અને ભુપતભાઈ ડાભી (માજી ચેરમેન, કોળી ઠાકોર વિકાસ નિગમ)ની રકમ તુલા કરવામાં આવશે.

આ મહા રક્તદાન કેમ્પનું ઉદઘાટન પરમપુજ્ય ગુરુજી (વિજય શાસ્ત્રીજી)- ગજાનન આશ્રમ માલસર), મહંત રૂષી ભારતી (ભારતી આશ્રમ સરખેજ), મહંત પ્રેમબાપુ (સતરંગ જગ્યા-જસદણ), મહંત વાલજી ભગત (કાળાસર જગ્યા), મહંત મોહનભગત (આણંદ પર જગ્યા), મહંત શ્રી કમલનાથબાપુ (વેલનાથ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

સમાધી, ખડખડ) નાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરશે.

આ અવસરે રામજીભાઈ મોકરીયા (સાંસદ રાજયસભા), કેશરીસિંહ ઝાલા (સાંસદ રાજયસભા). રમેશભાઈ ધડુ (સાંસદ-પોરબંદર), ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રી), ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ મક્વાણા, દર્શિતાબેન શાહ, કાળુભાઈ ડાભી (ધારાસભ્ય ધંધુકા), ઉમેશભાઈ મક્વાણા (ધારાસભ્ય-બોટાદ), શામજીભાઈ ચૌહાણ, (ધારાસભ્ય ચોટીલા), જીતુભાઈ સોમાણી (ધારાસભ્ય વાંકાનેર), હિરાભાઈ સોલંકી (ધારાસભ્ય જાફરાબાદ), અલ્પેશભાઈ ઢોલરીયા (પ્રમુખ જિલ્લા ભાજપ), મુકેશભાઈ દોશી (પ્રમુખ રાજકોટ શહેર ભાજપ), ગોવિંદભાઈ પટેલ (માજી મંત્રી), ચેતનભાઈ રામાણી (આગેવાન ભાજપ), ડી.પી.મક્વાણા (આગેવાન કોળી સમાજ), હેમલબેન વ્યાસ (પ્રિન્સીપાલ ડી.એચ.કોલેજ), પ્રોફેસર પુજાણી (ડી.એચ.કોલેજ). પ્રો. ભારદ્બાજ (ડી.એચ.કોલેજ), નટુભાઈ કુવરીયા (આગેવાન કોળી સમાજ), કે.એફ.બલોળીયા (એસ.પી.બોટાદ) સહિતના મુખ્ય મહેમાનો ઉપસ્થિત રહેશે.આ અવસરે કોળી સમાજ સહિત સમસ્ત ઓબીસી સમાજને સંબંધિત એક મહત્વની જાહેરાત કરવામાં આવનાર છે. જે મુજબ કોળી સમાજના કૂળદેવી માં ચામુંડા તથા કોળી સમાજના આરાધ્યદેવ શ્રી વીર માંધાતાજીનાં આર્શિવાદથી એક રથ યાત્રા આવનારા દિવસોમાં રાજયના એવા જિલ્લા-તાલુકાઓમાં ફરી વળશે જયાં કોળી સમાજની બહુસંખ્યક વસ્તી હોય. રાજયના તમામ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોના છેવાડે સામાજીક ઉત્થાનનું કાર્ય કરનાર, વિવિધ ક્ષેત્રમાં અનન્ય પ્રદાન કરનાર કોળી સમાજના શ્રેષ્ઠ રત્નોને શોધી તેમની પ્રતિભા અને કાર્યોને બિરદાવવાનો આ રથયાત્રાનો મુખ્ય ઉદેશ રહેશે.

વિનોદભાઈ નાગાણીએ જણાવ્યું હતું કે આ પ્રસ્તાવિત રથયાત્રા સમાજ શ્રેષ્ઠીઓને શોધી-શોધીને તેમની પ્રતિભા-સેવાનો લાભ એકાદ વિસ્તાર પુરતો શિમિત ન રહેતા વ્યાપકપણે તેમની પ્રતિભા-સેવાનો લાભ મળશે. આવા તમામ સમાજ શ્રેષ્ઠીઓના સાનિધ્યમાં કોઈ એક ગામમાં સમાજનું મહા સંમેલન કરવામાં આવશે. આ સમારોહ કોળી સમાજ સહિત સમસ્ત ઓ.બી.સી.માટે પ્રેરણાદાયી બનશે અને સમાજ વધુ સંગઠીત બનશે.

રવિવારે ડી.એચ.કોલેજના ગ્રાઉન્ડમાં આયોજીત મહા રક્તદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરવા માટે વિનોદભાઈ નાગાણીએ કોળી સમાજ સહિત અન્ય તમામ સમાજના લોકોને જાહેર અપીલ કરી છે. ઉક્ત રક્તદાન કેમ્પ અને રક્તતુલા કાર્યકન્મ સંબંધીત કોઈપણ વિશેષ માહિતી માટે મો.૯૭૧૪૦૮૦૧૯૪ નો સંપર્ક કરવા જણાવ્યું છે.આ રક્તદાન કેમ્પ અંગે માહિતી આપવા વિનુભાઈ નાગાણી, હિરેનભાઈ ડાભી, મુકેશભાઈ મેર, ગોરધનભાઈ ચૌહાણ, દેવાંગભાઈ કુકાવા, કેતુભાઈ કુમટખાણીયા, મયુરભાઈ વજકાણી, પ્રવિણભાઈ બાવળીયા, મયુરભાઈ નાગાણી, કૈલાશભાઈ વાઢીયા સહિતના આગેવાનો મુખ્ય સમાચાર કાર્યાલયની મુલાકાતે આવ્યા હતા.

## પંચાયત નગરમાં મનપા દ્વારા મળતું ડહોળુ પાણી રોગને નોતરશે

### ગુજરાત કોંગ્રેસ સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા તુષિત પાણેરીએ હૈયાવરાળ ઠાલવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મુખ્ય વિસ્તાર ગણાતા યુનિ.રોડ પર આવેલ પંચાયત નગર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી દોરું પાણી મળતુ હોવાની વ્યાપક ફરિયાદ ઉઠવા પામી છે. આ અંગે ગુજરાત કોંગ્રેસ સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા તુષિત પાણેરીએ હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું હતું કે રાજકોટ મહાનગર પાલીકાના બુમણો પાણી વેરો ભરવા છતા ડોરું પાણી મળી રહીયું છે



આ અંગે ફરિયાદ પણ કરી છે. પરંતુ તંત્ર કુંભકર્ણ નિંદ્રા માંથી જાગ્યો નથી આ વિસ્તારના ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ નગરસેવિકા રાજશ્રીબેન ડોડીયા ડોકટર હોવા છતાં આરોગ્ય પ્રત્યે જાગૃત નથી. જો આ રીતે ખરાબ પાણી મળતું રહેશે તો લોકોનું આરોગ્ય ચોક્કસ જોખમાશે તો અંગે તાત્કાલીક પગલા ભરવા તેઓએ અનુરોધ કર્યો હતો.

## મોરબીના બેલા ગામેથી નશીલી આયુર્વેદિક શીરપનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલ ખોડીયાર ચેમ્બરની દુકાનમાંથી ગેરકાયદેસર નશીલા આર્યુવેદિક શીરપની ૧૭૧૦ બોટલના જથ્થા સાથે વેચાણ કરતા પરપ્રાંતીય શખ્સને ઝડપી લઇ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટાફને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે મોરબી તાલુકાના બેલા ગામની



સીમમાં, ખોડીયાર ચેમ્બરમાં આવેલ દુકાનમાંથી ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર નશીલી આર્યુવેદીક શીરપની ફૂલ બોટલ નંગ-૧૭૧૦ કિં.રૂ.૨,૫૫,૧૫૦/- નો મુદ્દામાલ મળી આવતા શંકાસ્પદ ચીજવસ્તુ તરીકે સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ મુદ્દામાલ કબ્જે કરી આ નશીલી આયુર્વેદિક શીરપનો જથ્થો રાખી વેંચાણ કરનાર કમલભાઇ રજીતભાઇ દેબનાથ ઉવ.૩૦ હાલ રહે- બેલા ગામની સીમમાં, ખોડીયાર ચેમ્બર દુકાન નં.૨,૪ તા.જી.મોરબી મૂળરહે. ગયેરગારી, કોતવાલી તા-ડાઉગોરીજી- કોચબિહાર, પશ્ચિમ બંગાળની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## મોરબીના અપહરણ કેસમાં પોલીસે ગણતરીની કલાકોમાં અપહરણકારોને પકડી યુવાનને મુક્ત કરાવ્યો

### સાત અપહરણકારોની ધરપકડઃ હજુ બે આરોપીઓ પોલીસ પકડથી દૂર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગઇકાલ તા.૬/૧૨/૨૦૨૩ ના રોજ ફરીયાદી વર્ષાબેન હરેશભાઇ હામાભાઇ કરમટા રહે.હાલ મોરબી રવાપર ગામ ઉમીયા સોસાયટી રમેશભાઇ બોરીચાના મકાનમા ભાડેથી મુળ રાજકોટ વાળા જેઓ મૈત્રી કરાર કરી બે માસથી રમેશભાઇ ખોડાભાઇ નાગહ રહે.મોરબી રવાપર ગામ વાળા સાથે રહેતા હોય જેથી ફરીયાદીના પતિ હરેશભાઇ હામાભાઇ કરમટા તેમજ તેમના સસરા હામાભાઇ પાંચાભાઇ કરમટા તથા દિયર માત્રા હામાભાઇ કરમટા રહે.બધા રાજકોટ વાળાઓએ ફરીયાદીના ઘરે આવી મૈત્રી કરારમાં રહેતા રમેશભાઇ ખોડાભાઇ નાગહને ઇકો ગાડીમા જબરજસ્તીથી બેસાડી અપહરણ કરી લઇ ગયેલાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી હતી.

આ સાથે અપહરણની ફરિયાદ નોંધાવતા મોરબી જિલ્લા પોલીસ એકશનમોડમાં આવી તાત્કાલિક મોરબી જીલ્લામા નાકાબંધી કરી તેમજ મોરબી સીટી એ ડીવી.પોલીસ સ્ટાફ તથા



એલ.સી.બી /એસ.ઓ.જી અધિકારી /સ્ટાફનાએ તાત્કાલીક હ્યુમન સોર્સીસ તથા બનાવસ્થળ નજીક સી.સી.ટી.વી તેમજ ટેકનીકલ સેલ આધારે અપહરણ થયેલ ઇસમની શોધખોળ કરતા હોય તે દરમ્યાન ચોકકસ હકિકત મળેલ કે અપહરણ કરેલ ઇસમને રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના ભડલી ગામની સીમમા ભુપતભાઇ ઘુઘાભાઇ આલ રહે.ભડલી તા.જસદણ વાળાની વાડીએ દોરડા વડે બાંધી રાખેલ હોય જેથી અલગ અલગ પોલીસની ટીમો બનાવી વાડીએથી અપહરણ કરેલ રમેશભાઈ નાગહને અપહરણકર્તાઓની ચૂંગાલમાથી છોડાવી આરોપી હામાભાઇ પાંચાભાઇ કરમટા રહે.રાજકોટ આજીડેમ બાજુમા ગોકુલપાર્ક શેરીનં.૨, ભુપતભાઇ ઘુઘાભાઇ આલ રહે.ભડલી તા.જસદણ, લાલજીભાઇ વેરશીભાઇ ખાંભલા રહે.ભડલી તા.જસદણ, ભરતભાઇ જીવણભાઇ કરોતરા રહે.મોરબી સેન્ટમેરી સ્કુલ પાછળ જલારામમંદીર પાસે, શકિતસિંહ મહોબતસિંહ વાળા રહે.મોરબી કન્યાછાત્રાલય રોડ ચંદ્રેશનગર-૨, સંજયભાઇ રાયાભાઇ મીઠાપરા રહે.રાજકોટ આજીડેમ ચોકડઠી ભારતનગર, અશોકભાઇ ગોરધનભાઇ ધરજીયા રહે.રાજકોટ રાધેક્રિષ્ના સોસાયટી રામધનની બાજુમાને હસ્તગત કર્યા હતા. હજુ બે આરોપી હરેશભાઇ હામાભાઇ કરમટા, માત્રાભાઇ હામાભાઇ કરમટા રહે.બંને રાજકોટ શીવધારા સોસાયટી હુડકો ચોકડીની બાજુમાં તથા તપાસમાં જે નામ ખુલે તે આરોપીઓને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ સમગ્ર સફળ કામગીરીમાં મોરબી એ ડીવીઝન પીઆઈ એચ.એ.જાડેજા તથા મોરબી એ ડિવિઝન પીએસઆઇ એ.વી.પાતળીયા તથા મોરબી સીટી એ ડીવી.પો.સ્ટે સર્વેલન્સ સ્ટાફ, એલસીબી,એસઓજી સીપીઆઇ એચ.એમ.વ્યાસ, એલસીબી પીએસઆઇ કે.એચ.ભોચીયા, એન.સી.ચુડાસમા તથા એલ.સી.બી. સ્ટાફ, એસઓજી પીએસઆઇ આર.વી.અંસારી તથા એસ.ઓ.જી સ્ટાફના જોડાયેલ હતા.

# રાજકોટના વકિલોના બેંક ખાતામાંથી રૂા.૩.૧૨ લાખ ઉપાડી લેનાર બે રાજસ્થાની શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૩૫ વકીલોના ખાતા માંથી બારોબાર રૂ.૩.૧૨ લાખ ઉપાડી લેનાર બે સાઈબર ગઠિયાને પોલીસે પકડી લીધા છે. શહેરના રેવન્યુ પ્રેકટીસ કરતાં ૩૫ જેટલા વકિલોના બેંક ખાતામાંથી ધડાધડ રકમો ઉપડી જતાં દેકારો મચી ગયો હતો. ગત ઓગષ્ટ મહિનામાં આ બનાવ બનતાં સાયબર ક્રાઈમ પોલીસે રૈયા રોડ વૈશાલીનગરમાં રહેતાં એડવોકેટ ભાવીનભાઈ મગનભાઈ મારડીયાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

ભાવીનભાઈ સહિત ૩૫ વકિલોના ખાતામાંથી કુલ રૂા. ૩,૧૨,૪૮૫ ઉપડી ગયા હતાં. ગઠીયાઓએ વકિલોના આધારકાર્ડ સંલગ્ન થમ્બ ઈમ્પ્રેશનની ડેટા કોઈ કોમ્પ્યુટર રિસોર્સથી મેળવી લઈ અલગ અલગ રકમ ઉપાડી




લીધી હતી. સાયબર ક્રાઈમ પોલીસે આ છેતરપિંડીનો ભેદ ઉકેલી બે ગઠીયાને રાજસ્થાનના બીકાનેરથી કૈલાસ કાનારામ ઉપાધ્યાય અને મનોજ રાજુરામ કુમ્હારની ધરપકડ કરી હતી. આ બંનેએ રાજકોટ સિવાયના શહેરોમાં પણ બીજા લોકોને નિશાન બનાવ્યાની શંકાએ તપાસ થઈ રહી છે. આ બંને ગઠિયાએ પોતાના બેંક એકાઉન્ટ તથા બીજા અજાણ્યા વ્યક્તિઓના બેંક એકાઉન્ડ ખોલાવી છેતરપીંડીથી મેળવેલા નાણા ખાતામાં મેળવી લીધા હતાં. રાજકોટના વકિલો સાથે આધાર એનેબલ પેમેન્ટ સિસ્ટમથી ઠગાઈ કરી પૈસા ઉપાડી લીધાનું ખુલ્યું છે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલની રાહબરીમાં એસીપી વિશાલ રબારીના માર્ગદર્શનમાં પીઆઈ કે. જે. મકવાણા અને તેમની ટીમે કામગીરી કરી હતી.

# જેતપુરમાં સમાજ સુરક્ષા વિભાગની ટીમ ત્રાટકી: બે કારખાનામાંથી ૨૬ બાળ મજુર મુક્ત કરાયા

## સાડીના કારખાનામાં પરપ્રાંતીય ઠેકેદારો યુપી, બિહાર, ઝારખંડથી બાળકો લાવી મજુરી કામ કરાવતા હતાઃબે ઠેકેદારો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ



**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુરમાં આવેલા સાડીના કારખાનામાં પરપ્રાંતીય ઠેકેદારો બાળકો પાસે બાળમજુરી કરાવતા હોવાની હકીકતના આધારે સમાજ સુરક્ષા વિભાગની ટીમે કારખાનાઓમાં તપાસ શરૂકરી ૨૬ બાળમજુરોને મુક્ત કરાવી બે ઠેકેદારો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ સમાજ સુરક્ષા વિભાગના અધિકારી અને અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં રહેતા શિવાનીબેન સંજીવભાઈ પ્રદિપ તથા દામીનીબેન વિનોદકુમાર પટેલ સહિતની સમાજ સુરક્ષા વિભાગની ટીમો ।ર। જેતપુરમાં આવેલા સાડીના કારખાનામાં તપાસ શરૂ કરી હતી અને અલગઅલગ બે કારખાનાઓમાં ૨૬થી વધુ બાળમજુરોને મુક્ત કરાવી જલારામ પ્રિન્ટસ નામના કારખાનામાં કામ કરતો બિહારનો ઠેકેદાર જીતુકુમાર મીશ્રીરાય રાજભર તથા જેતપુરનો દિપેનજોગી તથા બીજા કારખાનાનો ઠેકેદાર જેતપુરમાં પટેલનગર જમાદાર વાડી પાસે રહેતો વિશાલ રામુપ્રશાદ પાસવાન નામના બંને શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આ બંને ઠેકેદારો યુપી, બિહાર, ઝારખંડ થી બાળકોને લાવી જેતપુરના અલગઅલગ કારખાનાઓમાં મજુરી કામ કરાવી બાળકોનું શોસણ કરતા હોય પોલીસે આ બંને સામે કાર્યવાહી હાથ ધરી છે.

# એરપોર્ટ રોડ પર કારમાં આગ ચાંપી નુકસાન કરનાર શખ્સ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ ઉપર આવેલ ગેરેજમાં સર્વિસ માટે આવેલી બે કાર નશામાં ધુત શખસે જ્વલનશીલ પદાર્થ છાંટી સળગાવી નાખ્યાના પખવાડિયા પૂર્વેના બનાવમાં સમાધાન થયા પછી પણ પૈસા નહિ આપતા અંતે સંચાલકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના સુભાષનગરમાં રહેતા અને એરપોર્ટ રોડ ઉપર ફાટક પાસે સ્વસ્તિક ગેરેજ ચલાવતા તૌફીકભાઈ મજીદભાઈ દોઢીયાએ ગીરૂભા જાડેજા સામે પ્રનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત



૨૪ તારીખે રાત્રે આંઠેક વાગ્યે અમે ગેરેજ બંધ કરીને ઘરે ગયા હતા દરમિયાન સાડા બારેક વાગ્યે મહર્ષિભાઈએ ફોન કરી તમારે ત્યાં ગેરેજમાં આવેલી કારમાં આગ લાગી છે તેવું જણાવતા હું દોડી ગયો હતો ત્યાં રીપેરીંગમાં આવેલી બે કારમાં આગ લાગી હોય ફાયર બ્રિગેડ સ્ટાફે આગ પર કાબુ મેળવ્યો હતો બીજા દિવસે ગીરૂભા જાડેજાએ મને ફોન કરી કહેલ કે મારાથી આ કામ થઇ ગયેલ છે અને હું નશામાં હતો સમાધાન કરી લેવાનુંઅને પૈસા આપવાનું કહેતા મેં ફરિયાદ કરી ન હતી પરંતુ નુકશાનીના પૈસા નહિ આપતા અંતે બે કાર સળગાવી નાખવા સંદર્ભે ફરિયાદ નોંધાવી હતી.

# ધ્રાંગધ્રા-અમદાવાદ હાઈ-વે પર કાર ડિવાઈડર સાથે અથડાતા ચારના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધ્રાંગધ્રા તાલુકાના નરાળી ગામે લગ્નમાં આવેલા હળવદ વિસ્તારના યુવકો સહિત સાત યુવાનો રાત્રે નરાળીથી ધ્રાંગધ્રા-અમદાવાદ હાઇવે ઉપર આવેલી હોટલે ગયા બાદ પરત ફરતા સમયે કલ્પના ચોકડીથી કુડાચોકડી વચ્ચે ફલ્કુ નદીના બ્રિજ નજીકથી પસાર થતા સમયે કાર ડીવાઈડર કૂદીને સામેથી આવતી આઈશર ટ્રક સાથે અથડાતા ગંભીર અકસ્માતમાં ચાર યુવકોના મોત અને ત્રણ યુવાનોને ગંભીર ઇજાઓ થતા સુરેન્દ્રનગર શહેરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ધ્રાંગધ્રા તાલુકાના નરાળી ગામે હળવદ-મોરબી વિસ્તારના યુવકો કાર લઈને લગ્નમાં આવ્યા હતા. આ યુવકો સહિત સાત યુવાનો નરાળીથી રાત્રે સ્વીફ્ટ કારમાં અમદાવાદ હાઇવે ઉપરની હાઇવે હોટલ ઉપર ગયા હતા. ત્યાંથી પરત ફરતા સમયે કલ્પના ચોકડી-કુડા ચોકડી વચ્ચે આવેલી ફલ્કુ નદીના બ્રિજ નજીક કાર પસાર થતા સમયે એકાએક કાર ડ્રાઈવરે ડ્રાઈવીંગ ઉપરથી કાબુગુમાવતા કાર ડીવાઇડર કૂદીને રોંગ સાઈડમાં ફંગોળાતા સામેથી આવતી આઇશર ગાડી સાથે અથડાઇ હતી. કાર આઇશર ટ્રક સાથે અથડાતાની સાથે જ ગંભીર અકસ્માત બાદ કાર બાજુની ખાઇમાં પલ્ટી ખાઈ જતા કાર પડીકુ વળી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં ચાર યુવાનોના મોત થયા હતા.

# કોટડાસાંગાણીના રામોદ ગામે મહિલા પર પાડોશી પિતા-પુત્રનો હુમલો

## તારો પતિ રાવણ થઈ ગયો છે તેમ કહીં મહિલાને ત્રણ શખ્સોએ બેફામ ગાળો ભાંડી ઢીકાપાટુનો માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામે રહેતા સામાજીક કાર્યકરના પત્નિ પર પાડોશીએ હુમલો કરી મારમારતા પોલીસમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ રામોદ ગામે રહેતા સંગીતાબેન મનસુખભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)નામની મહિલાએ કોટડાસાંગાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છેકે પાડોસમાં રહેતા વશરામ બિજલ રાઠોડ તેનો પુત્ર જગદીશ અને વિપુલએ કહેલ કે તારો પતિ રાવણ થઈ ગયો છે તેમ કહી બેફામ ગાળો ભાંડી ઢીકાપાટુનો મારમારી મહિલાને શરીરે મુઢ ઈજા કરતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે હેડકોન્સ્ટેબલ રાજેસિંહ ઝાલાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# શિવરાજપુર-બાબરા રોડ પર બાઈક સ્લીપ થતા યુવાનનું મોત

## ગોંડલના કોલીથડ ગામે વાડીએ વીજશૉક લાગતા શ્રમિકનું મોતઃ હળવદના છાપકડા ગામે ઝેરી દવા પી યુવાનનો આપઘાતઃગુરુપ્રસાદ ચોક પાસે બેભાન થઈ જતા યુવાને દમ તોડયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શિવરાજપુર થી બાબરા તરત જવાના રસ્તે બાઈક સ્પીલ થતા ઘવાયેલા લાલકા ગામના યુવાનનું સારવારમાં મોત નીપજયું છે

આ અંગેની માહિતી મુજબ બાબરાના લાલકા ગામે રહેતો વીરમ સગ્રારામ સીરોડીયા (ઉ.વ.૪૦)નામની યુવાન સાળાના દિકરાના લગ્ન હોય જેથી ગઈકાલે શીવરાજ પુરથી પરત ઘરે બાઈક લઈ આવતો હતો ત્યારે રાત્રે નવ વાગ્યે ગામ નજીક આવેલ બુટડી માતા મંદિર પાસે પહોંચતા બાઈક સ્લીપ થતા ગંભીર ઈજા થતા રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા તેનું મોત નિપજયું હતું.

જયારે અન્ય એક બનાવમાં ગોંડલ તાલુકાના કોલીથડ ગામે રમેશભાઈની વાડીએ ખેતી કામ કરતો રાજુ કેચન નાયક (ઉ.વ.૨૫)નામનો આદિવાસી યુવાન ગઈ કાલે બપોરે વાડીએ ખેતી કામ કરતો હતો ત્યારે વીજ કરંટ લાગતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબીએ મૃતક જાહેર ર્ક્યો હતો જયારે હળવદના છાપકડા ગામે રહેતો અનિલ દેવજી રાતોજા નામના યુવાને ગઈ તા.૨/૧૨ના સવારે અગિયાર વાગ્યે પોતાની વાડીએ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા તેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે રાજકોટના ગુરૂપ્રસાદ ચોક પાસે રહેતો હિંમાશુંભાઈ કિરીટભાઈ રાઠોડ નામનો યુવાન રાત્રીના અઢીવાગે બેભાન થઈ જતા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું મોત નિપજયું હતું.

# ભારત પેટ્રોલીયમના અધિકારીના નામે પેટ્રોલ પંપ ચાલુ કરવા ઈચ્છુક યુવક સાથે ૫૧ હજારની છેતરપીંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ધરમનગર સોસાયટીમાં રહેતો અને આમ્રપાલી બ્રીજ પાસે સીઝન સ્ટોર ચલાવતા આવી અરુણભાઈ મકવાણા ઉ.૨૫ નામના યુવાને ૭૭૧૫૦ ૬૪૨૫૧ના યુઝર્સ, આઈડીએફસી બેંકના ખાતાધારક તથા પેટ્રોલ પંપના અધિકારીની ઓળખ આપનાર તથા મેઈલ આઈડી ધારક સામે સાયબર ક્રાઈમ પોલીસમાં ૫૧ હજારની ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ચારેક માસ પૂર્વે પેટ્રોલ પંપ ચાલુ કરવો હોય જેથી સર્ચ કર્યું હતું જેથી ત્રણેક દિવસ બાદ ઉપરોક્ત નંબર ઉપરથી ફોન આવેલ અને ભારત પેટ્રોલીયમના અધિકારીની ઓળખ આપી માહિતી માંગી ક્યાં લોકેશન પર ચાલુ કરવું છે તે સહિતની માહિતી માંગતા મેં મોકલી હતી ફરી ત્રણ દિવસ પછી ફોન કરી મંજુરી મળી ગઈ છે તેવું કહી ડીપોઝીટ પેટે ૨૫,૫૦૦ માંગતા મેં બેંક મારફ્ત ૨૯/૯ના રોજ આરટીજીએસ કરાવ્યું હતું મારે બે પેટ્રોલ પંપ ચાલુ કરવા હોય બીજો મારા માસી નિશાબેન વાઘેલાના નામનો ચાલુ કરવાનો હોવાથી બીજી અરજી કરતા તેના ડોક્યુમેન્ટ પણ મોકલતા તેમાં પણ મંજુરી મળી ગઈ છે કહી બીજા ૨૫,૫૦૦ મોકલાવ્યા હતા તે પછી વધુ ૧,૦૭,૫૦૦ માંગતા લીમડા ચોક સ્થિત ભારત પેટ્રોલીયમની ઓફિસે જઈ તપાસ કરતા કંપનીએ કોઈ વિગતો મોકલાવી નથી અને પૈસા લીધા નથી તેવું જણાવતા અંતે ફરિયાદ નોંધાવતા પીઆઈ બી ટી અકબરીએ તપાસ હાથ ધરી છે.

# જામનગર રોડ પર રહેતી ત્યકતાના નામે રૂા.૨૫ લાખની લોન લઈ પૂર્વ સાસરિયાઓએ હાથ ઉંચા કરી દીધા

## લોનના હપ્તા નહિ ભરી છેતરપીંડી કરતા પતિ સહિતના સાસરિયા સામે ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા ત્યકતા મહિલાએ ૨૫ લાખની છેતરપીંડી અંગે પૂર્વ પતિ, સાસુ અને બે નણંદ સામે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના જામનગર રોડ ઉપર નાગેશ્વર જૈન મંદિર પાસે અજમેરા એપાર્ટમેન્ટમાં રહેતા અંજનાબેન જીગ્નેશભાઈ પનારા નામના મહિલાએ પૂર્વ સાસરિયા એવા પતિ જીગ્નેશ પનારા, સાસુ રેખાબેન, નણંદ ડીમ્પલ બુરવા અને એકતા મીતેશભાઈ વૈધ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણીએ ૨૦૦૧માં લવમેરેજ ર્ક્યા હતા ૨૦૧૪-૧૫માં ઉપરોક્ત ફ્લેટ ૧૩ લાખની લોન ઉપર લીધો હતો જે અમારા બંનેના નામે છે હાલ સંતાનમાં બે પૂત્ર છે મનમેળ નહિ થતા ૨૦૨૧માં છૂટાછેડા લઇ લીધા હતા જેમાં મોટો પૂત્ર પતિ સાથે અને નાનો પૂત્ર મારી સાથે રહે છે છૂટાછેડા બાદ કરાર કરેલ જેમાં ૧૫ લાખ ભરણપોષણ માટે આપવાનું નક્કી થતા ફ્લેટ ઉપર જ ૧૨.૯૮ લાખની લોન લીધી હતી અને ૧૨ લાખ મને આપ્યા હતા જે મ્યુચ્યુઅલ ફંડમાં મૂકી તેના વ્યાજથી અમારૂ ઘર ચલાવવાનું નક્કી થયું હતું હું બીજા લગ્ન કરૂ તો ફ્લેટમાં મારો કોઈ હક હિસ્સો રહે નહિ તેવું પણ લખાણ કરાવ્યું હતું.

સમજુતી કરાર મુજબ ફ્લેટના હપ્તા મારા પતિને ભરવાના હતા પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૨ બાદ લોનના હપ્તા ભરવાનું બંધ કરી દેતા હું પતિની દુકાને જતા હું હપ્તા નહિ ભરું તારે જે કરવું હોય તે કરી લે બેંકવાળાને મકાન સોપી દે તેમ કહી સાસુ અને નણંદએ પણ તને એક રૂપિયો નહિ મળે તેવું કહી દીધું હતું બીજા નણંદ લોન વિભાગમાં નોકરી કરતા હોય તેણે બધી સમજુતી આપી નોટીસ મોકલાવી હતી આમ ૧૨.૯૮ લાખની અગાઉની લોન અને ૧૦ લાખની લોનના હપ્તા નહિ ભરી તથા ૩ લાખ અગાઉના પણ બાકી હોય છેતરપીંડી આચરતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલ-દેરડી રોડ પર ધરાળા ગામના પાટીયા પાસે ટેન્કર ઠોકરે બાઈક સવારનું મોતઃએકને ઈજા

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ નજીક આવેલા ધરાળા ગામના પાટીયા પાસે તોંતીંગ ટેન્કરના ચાલકે ડબલ સવારી બાઈકને ઠોકરે ચડાવતા ચાલકનું ઘટના સ્થળે મોત નીપજયું હતું જયારે અન્ય એક યુવાનને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે રહેતા હકાભાઈ તેજાભાઈ ચાવડા નામના અનુ.જાતિ પ્રૌઢે સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં ટેન્કર નં.જીજે ૩૨ ટી ૫૬૫૬ના ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે તેનો પુત્ર રાકેશ ચાવડા અને તેનો મિત્ર અમિત દાફડા પોતાનું બાઈક નં.જીજે ૩ એફપી ૮૬૨૦ નંબરનું લઈ દેરડીગામથી મોટી ખીલોરી




ગામે ઘરે પરત આવતા હતા ત્યારે ધરાળા ગામના પાટીયા પાસે ગોળાઈમાં પહોંચતા પૂરપાટ ઝડપે આવતા ટેન્કર ચાલકે ઠોકરે ચડાવતા બન્ને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડવામાં આવતા રાકેશ ચાવડાનું મોટ નીપજયું હતું જયારે અમિત દાફડાને નાની મોટી ઈજા થતા ઈમરજન્સી વોર્ડ માં દાખલ કરવામાં આવ્યો હતો. બનાવના પગલે એએસઆઈ બીએચ ગરેજાએ ગુનો નોંધી ટેન્કરનો ચાલક દામજી લાખા શિયાળ (રહે.છાંચ બંદર તાલુકો રાજુલા)નામના શખ્સની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબી પંથકમાં હવસખોર શખ્સે નવ વર્ષના બાળક સાથે કર્યુ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય

## પોલીસે ગણતરીની કલાકોમાં કરી વિકૃત શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હવસખોર ઢગાએ પોતાની વિકૃત હવસ સંતોષવા ૯ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા મોરબી તાલુકા પોલીસે ધાર્મિક હોવાનો આચળો ઓઢનાર આરોપીને તત્કાલ ઝડપી લીધો છે. .

આ અંગેની માહિતી મુજબ મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ૯ વર્ષના બાળક પર કર્મકાંડ કરનાર ધાર્મિક ઉપદેશ આપનાર ઢગો એવો હર્ષદભાઈ ભરતભાઈ ભટ્ટ નામના શખ્સે નજર બગાડી હતી. કર્મકાંડ અને ધાર્મિક ઉપદેશ આપવાનો ઢોંગ કરતા આ ઢગાની પાંખડલીલા ખુલી પડી હતી. જેમાં બાળકને જોઈને હવસનું ભૂત વિસસ્તુ ભૂત માનસમાં સવાર થઈ જતા આરોપીને સારા નરસાનું વિવેકભાન રહ્યું ન હતું અને ન કરવાનું કરી બેઠો હતો. આ બાળકને આટો મારવાના બહાને લઈ જઈને માસૂમ બાળક ઉપર ઢગાએ અધમ કૃત્ય આચર્યું હતું. બાદમાં આ ઢગાના કુકર્મનો ભાંડો ફૂટતા તેની સામે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાની ફરિયાદ નોંધાઈ હતી. આથી આ ગંભીર બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે તત્કાલ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

### યુનિવર્સિટી રોડ પર આવાસના કવાર્ટરમાં રહેતી પરિણીતાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિવર્સિટી રોડ પાસે ભગતસિંહ ગાર્ડન પાછળ આવાસ યોજના ક્વાટર્સમાં રહેતી સંધ્યાબેન રામાવત નામની પરિણીતાએ પોતાના પાડોશમાં રહેતી સહેલી ચાંદનીબેનને વોટ્સએપમાં મેસેજ કરી તું જાગી ગઈ છો તેવો મેસેજ કર્યા બાદ ચાંદનીએ પૂછ્યું હતું કે, તું શું કરે છે ? ત્યારે સંધ્યાએ પોતે ચા બનાવતી હોવાનો મેસેજ કર્યો હતો અને ચાંદની પોતે સહેલી સંધ્યાના ઘરે ચા પીવા ગઈ ત્યારે સંધ્યાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાણવા મળતા આ બનાવથી અરેરાટી વ્યાપી ગઈ હતી.

# જૂનાગઢના વિસાવદરની મહિલાએ મકાન બે વાર વેચી રૂા.૧૧ લાખની ઠગાઈ કરી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

વિસાવદર ગામની મહિલાએ પોતાની માલીકીનો ફ્લેટ ૨૦ દિવસનાં સમય ગાળામાં બે લોકોને સાટાખત કરીને ફ્લેટ વેચી મારી માંડાવડ ગામી મહિલા પાસેથી રૂ.૧૧ લાખ પડાવી છેતરપીંડી આચરી હોવાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

માંડાવડ ગામનાં સ્મિતાબેન વા/ ઓ વિરજાશંકર વિક્રમાએ વિસાદવર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ મુજબ જૂનાગઢ રોડ પર આવેલ જલારામ પેલેસમાં ફ્લેટ નંબર ૪૦૧ જેનો સીટી સર્વે નંબર ૪૬ વાળું વેંચાણથી લીધું હતું. ત્યારે સોનલબેન અલ્પેશભાઈ ઝાલાવાડીયા રહે. વિસાવદર પાસેથી સ્મિતાબેને તા.૨૦-૩-૨૦૧૯ ના આ ફ્લેટનાં સાટાખત કર્યા હતા. તે વખતે આરોપી સ્મિતાબેનને રૂ.૧૧ લાખ સુધી પેટે આપ્યાં હતા અને તેમની લોનનાં રૂ.૧ લાખ સોનલબેનને ભરી આપવા જણાવ્યું હતું. પરંતુ સોનલબેને આ મકાન આશરે ૨૦ દિવસ પહેલા ધ્વીજેન્દ્રભાઈ વિનુભાઈ સરધારા રહે. કોઠાપીપળીયાને સાટાખત કરી આપ્યું હોવાનું સામે આવ્યું હતું. આથી આ બાબતે સોનલબેન સાથે છેતરપીંડી થઈ હોવાનું સામે આવતાં આરોપી સ્મિતાબેન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેનાં આધારે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં દિગ્વિજય પ્લોટમાંથી નકલી ઘી ઝડપાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના દિગ્વિજય પ્લોટ ૪૯ - માં ચિરાગ હરિયાના મકાનમાં એસઓજીનો દરોડો , રૂપિયા અઢી લાખની કિંમતનો ૫૫૫ કિલો નકલી ઘીનો જથ્થો ઝડપાયો.જામનગર જીલ્લાના પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લાના ચાલતી અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમો વિરૂધ્ધ અસરકારક કામગીરી કરવા સૂચના કરેલ જે અંગે એસ.ઓ.જી. ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર બી.એન.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર જે.ડી.પરમાર તથા પોલીસ સબ ઈન્સ્પેકટર આર.એચ.બાર ના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. સ્ટાફના માણસો જામનગર શહેર તથા



ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા . દરમ્યાન એસ.ઓ.જી. સ્ટાફના હર્ષદકુમાર ડોરીયા તથા દિનેશભાઈ સાગઠીયા તથા અનિરૂધ્ધસિંહ ઝાલા તથા વિરેન્દ્રસિંહ જાડેજા ને ખાનગી બાતમી મળેલ કે અહીં દિગ્વીજય પ્લોટ શેરી નંબર ૪૯ મા આવેલ ચિરાગભાઈ મનસુખલાલ હરીયા પોતાના રહેણાંક મકાને બનાવટી ઘી નુ વેચાણ કરે છે નસ્ત્ર જેથી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ જામનગરના અધિકારીઓ સાથે સદર જગ્યાએ જઈ તપાસ કરતા સદર જગ્યાએથી શંકસ્પદ ભેળસેળ યુક્ત ઘી ના ૧૫ કિલોના પતરાના ડબા નંગ -૧૫ , ૧૦ કિલોના પતરાના ડબા નંગ -૫ તથા ૧૫ કિલોના ટીનના કિટલા નંગ -૧૭ મા રહેલ કુલ ૫૫૫ કિલો કુલ કિ.રૂ.૨,૬૫,૦૦૦ નુ શંકાસ્પદ ભેળસેળ યુક્ત ઘી મળી આવેલ અને આ શંકાસ્પદ ભેળસેળ યુક્ત ઘી માંથી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ જામનગરના અધિકારીઓએ પુથ્થકરણ માટે સેમ્પ્સ લઈ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે . ભેળસેળ યુક્ત ઘી બનાવનારનું ચિરાગ મનસુખલાલ હરીયા રહે દિગ્વીજય પ્લોટ શેરી નંબર ૪૯ , ઈદ મસ્જીદની બાજુમા , જામનગર આ કાર્યવાહી એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર બી.એન.ચૌધરી તથા પો.સ.ઈ. જે.ડી.પરમાર તથા પો.સ.ઈ. આર.એચ.બાર તથા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે